પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૭૬, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૦-૦૩-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 176 PRICE :-RS. 1.50 DATE : 20-03-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### નવા કેસોનો રાફડો ફાટતાં સક્રિય કેસોમાં સતત નવમાં દિવસે ઉછાળો, વધુ ૧૫૪ દર્દીનાં મોત

## કોરોનાએ ગતિ પકડીઃ ૨૪ કલાકમાં નવા ૪૦ હજાર કેસ

ન્યુ દિલ્હી,

૧૦ મહિના પછી ભારતમાં ૫ દિવસમાં આટલા ઝડપથી કેસ વધતા નોંધાયા છે. આ દરમિયાન ૭ દિવસના સમયગાળામાં ૩૯%નો કોરોના કેસમાં વધારો નોંધાયો છે.

ભારતમાં કોરોનાના નવા કેસનો આંકડો ૪૦,૦૦૦ની એકદમ નજીક પહોંચી ગયો છે, ગુરુવારે એટલે પાછલા ૨૪ કલાકમાં દેશમાં ૩૯,૬૭૦ નવા કેસ નોંધાયા છે. આ પહેલા એક દિવસમાં આટલા બધા કેસ પાછલા વર્ષે ૨૮ નવેમ્બરના રોજ નોંધાયા છે. કોરોનાના વધી રહેલા કેસના કારણે મહારાષ્ટ્ર સૌથી વધુ સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. મહારાષ્ટ્રમાં કોરોનાના નવા ૨૫,૮૩૩ કેસ નોંધાયા છે અને તે સપ્ટેમ્બર બાદનો સૌથી મોટો આંકડો છે. હવે મહારાષ્ટ્રમાં મુંબઈ-નાગપુર-પુણે-નાસિક જેવા મોટા શહેરો ઉપરાંત હવે ટિયર-૨ શહેરોમાં પણ કોરોનાની ગતિ અચાનક વધી ગઈ છે. મહારાષ્ટ્રમાં થાણે, ઔરંગાબાદ, નાંદેડ, અમરાવતી, અકોલા, નાંદુરબાર જેવા વિસ્તારોમાં કોરોનાના કેસ વધી રહ્યા છે.



પાછલા દિવસમાં નવા નોંધાયેલા કેસમાં સૌથી વધુ કેસ મહારાષ્ટ્રમાં ૨૫,૮૩૩ નોંધાયા છે, ૧૫ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં જાન્યુઆરી કે તે પહેલાના સૌથી વધુ એક દિવસના કેસનો રેકોર્ડ તૂટ્યો છે. પાછલા ૫ દિવસમાં, સરેરાશ ૭ દિવસ પ્રમાણે જોઈએ તો દરરોજના નવા કેસમાં ૫%નો વધારો નોંધાયો છે. આંકડાઓ પ્રમાણે પાછલા મે મહિનામાં કોરોનાના કેસમાં સતત ૫ દિવસ દરમિયાન ઉછાળો નોંધાતો હતો તે પ્રમાણે ફરી દરરોજના કેસમાં નોંધાઈ રહ્યા છે. આ પહેલા, દરરોજ નોંધાતા નવા કેસના ઉછાળામાં ૧૯થી ૨૨ મે દરમિયાન ૫% કરતા વધુનો ઉછાળો નોંધાતો હતો.

મૃત્યુઆંકમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે પરંતુ આ વધારો કેસના વધારાની સરખામણીમાં નીચો રહ્યો છે. ભારતમાં ગુરુવારે ૧૫૪ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. ગુરુવારે સતત ત્રીજા દિવસે ૧૫૦ કરતા વધુ મૃત્યુ નોંધાયા છે. ગુરવારે પાછલા ૭ દિવસના મૃત્યુઆંક ૧૫૦ને પાર કરી ગયા છે, આવું ૨૩ જાન્યુઆરી પછી પહેલીવાર થયું છે. માત્ર મહારાષ્ટ્ર જ નહીં પરંતુ મુંબઈમાં પણ પાછલા દિવસની સરખામણી કરતા કોરોનાના નવા કેસમાં નવો વધારો નોંધાયો છે. મુંબઈમાં ગુરુવારે નવા ૨,૮૭૭ કેસ નોંધાયા છે, જે પહેલા બુધવારે ૨,૮૪૮ કેસ કેસ સાથે ૧૦ ઓક્ટોબર, ૨૦૨૦નો રેકોર્ડ તોડ્યો હતો. બીજી તરફ સારી બાબત એ છે કે ગુરુવારે ૧૧ સપ્ટેમ્બરથી નીચો મૃત્યુઆંક રહ્યો છે.

ઉત્તર પશ્ચિમ અને ઓડિશા તથા બિહાર સિવાયના મોટાભાગના રાજ્યોમાં કોરોનાના નવા કેસમાં વધારો નોંધાયો છે. પંજાબમાં ૨,૩૮૭ નવા કેસ નોંધાયા, જે ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૦ પછી સૌથી મોટો આંકડો છે. કેન્દ્રીય પ્રદેશ ચંદીગઢમાં પણ ૨૧૧ કેસ નોંધાયા છે જે ૨૫ સપ્ટેમ્બર પછી નોંધાયેલા સૌથી વધુ કેસ છે.

★ મોટા ભાગના રાજ્યોમાં કોરોના પોઝિટિવ કેસ વધતા નિયંત્રણો લાગુ કરાયા, જેમાં ગુજરાત,પંજાબ,મધ્ય પ્રદેશમાં રાત્રિ કર્ફ્યૂ જાહેર.

★ મહારાષ્ટ્રમાં કોરોના વિસ્ફોટઃ ૨૪ કલાકમાં ૨૫૮૩૩૩ પોઝિટિવ કેસ નોંધાતા ફફડાટ.

## તુવેરની દાળના ભાવ મુદ્દે વિધાનસભામાં ભાજપ-કોંગ્રેસની સામસામે આક્ષેપબાજી

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાનું ગૃહ આજે તુવેર દાળના મુદ્દે ગાજી ઉઠ્યું હતું. તુવેર દાળના મુદ્દા પર ગૃહમાં હોબાળો થયો હતો. તુવેર દાળના ભાવને લઈને ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યોએ સામસામે આક્ષેપબાજી કરી હતી. ત્યારે આ વચ્ચે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગૃહમાં ચેલેન્જ ફેંકી હતી કે, બજારમાં ક્યાંય પણ ૩૯ રૂપે તુવેરની દાળ મળતી હોય તો અમે બધા જવાબ આપવા તૈયાર છીએ. આ મુદ્દે ધમાસાણ થતા કોંગ્રેસના ધારાસભ્યો ઋત્વિક મકવાણા અને અમરીશ ડેર તેમજ ભાજપના શશીકાંત પંડ્યાને ગૃહમાં ખલેલ ઉભા કરવાના મુદ્દે અધ્યક્ષે ગૃહની બહાર મૂક્યા હતા.







તુવેરના ભાવના મુદ્દા ઉપર કોંગ્રેસે આજે ગૃહમાં સરકારને ઘેરી લીધી હતી. ત્યારે તેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીને દરમિયાનગીરી કરવી પડી હતી. કોંગ્રેસના ધારાસભ્યોએ તુવેર દાળના મુદ્દા ઉપર ગૃહમાં હોબાળો મચાવ્યો હતો. પરંતુ મુખ્યમંત્રીના જવાબથી પણ સંતોષ નહીં થતા કોંગ્રેસ આક્રમક મોડમાં આવી ગઈ હતી. તુવરે અને તુવેર દાળના ભાવને લઈને ગૃહમાં કોંગ્રેસના કિરીટ પટેલે કહ્યું કે, સરકાર તુવેર ટેકાના ભાવે ૩૯ રૂપિયા ખરીદે છે, તો લોકોને કેમ ૬૧ રૂપિયે આપે છે. આ તફાવત બે મહિનાના ગાળા માટે આવી રહ્યો છે. ત્યારે તેના જવાબમાં મંત્રી જયેશ રાદડિયાએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર કોઈ ખરીદી કરતુ નથી. કેન્દ્ર સરકાર અને નાફેડ ખરીદી કરે છે. તમારા આંકડા ખોટા છે. સરકારે ફેબ્રુઆરી ૨૦૨૧ માં ખરીદી માટે પરીપત્ર કર્યો છે. તુવર અને તુવર દાળ અલગ છે. તુવેરને ખરીદીને એના પર પ્રોસેસ કરીને દાળ બનાવાય છે. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે તુવેરની દાળની ખરીદીમાં સરકારના પરિપત્રમાં ૩૯ રૂપિયા ખરીદી અને મુખ્યમંત્રી અને મંત્રીના નિવેદનમાં ૯૧ રૂપે ખરીદીની વાત છે એટલે તફાવત ૫૨ રૂપિયાનો પડે છે તેવું જણાવ્યું હતું. ત્યારે ભાવ મામલે દરમિયાનગીરી કરીને મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, અમે તુવેરદાળ ૯૧ રૂપિયે ખરીદીને ગરીબોને ૬૧ રૂપિયે આપી છે. પ્રતિ કિલો ૩૦ રૂપિયાની સબસીડી કે સહાય સરકારે ભોગવી છે. જે ભાવથી માલ આવ્યો એ ભાવથી વેચાણ કરીએ છીએ, ગરીબોને ઓછા ભાવ મળે તે માટે ૯૧ રૂપિયા દાળ ખરીદી ૬૧ રૂપીએ દાળ વિતરણ કરી છે. પ્રતિ કિલો ૩૦ રૂપિયાની સહાય આપી છે. જે તે સમયે ભાવ વધારે હતો, અમે ગરીબોને સસ્તું અનાજ મળે માટે ઓછા ભાવે વિતરણ થયું. ત્યારે આ વચ્ચે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગૃહમાં ચેલેન્જ ફેંકી હતી કે, બજારમાં ક્યાંય પણ ૩૯ રૂપે તુવેરની દાળ મળતી હોય તો અમે બધા જવાબ આપવા તૈયાર છીએ. આ મુદ્દે ધમાસાણ થતા કોંગ્રેસના ધારાસભ્યો ઋત્વિક મકવાણા અને અમરીશ ડેર તેમજ ભાજપના શશીકાંત પંડ્યાને ગૃહમાં ખલેલ ઉભા કરવાના મુદ્દે અધ્યક્ષે ગૃહની બહાર મૂક્યા હતા.

## ભારતના GDP રેટમાં ૨૦૨૧માં ૫ ટકા વૃદ્ધિ જોવા મળશેઃ UN રિપોર્ટ

યુએન,

ભારતીય અર્થવ્યવસ્થામાં કોરોના વાયરસ મહામારીના કારણે ૨૦૨૦માં ૬.૯ ટકા ઘટાડો થવાનું અનુમાન છે. પરંતુ ૨૦૨૧માં આમાં ૫ ટકા વૃદ્ધિની સાથે 'મજબુત સુધાર'નું અનુમાન છે. એવું સંયુક્ત રાષ્ટ્રના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતનું નવું બજેટ ડિમાન્ડ વધારવા માટેના પ્રોત્સાહન પર ભાર મુકે છે. જેમાં સાર્વજનિક રોકાણના વધારાનો ઉપયોગ કરી શકાય છે. સંયુક્ત રાષ્ટ્ર વ્યાપાર તથા વિકાસ સમ્મેલન દ્વારા વ્યાપાર અને વિકાસ રિપોર્ટ ૨૦૨૦ના આ અધ્યતન રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં આ વર્ષે ૨૦૨૧માં ૪.૭ ટકા વૃદ્ધિનું અનુમાન છે. આ પહેલા સપ્ટેમ્બરમાં ૨૦૨૦માં લગાવવામાં આવેલા ૪.૩ ટકાનાં અનુમાન કરતા વધારે છે. અમેરિકન અર્થવ્યવસ્થામાં મજબૂત સુધારો આવવામાં આનું યોગદાન રહેશે. અમેરિકામાં



રસીકરણ અભિયાનમાં તેજી અને ૧૯૦૦ અરબ ડોલરના નવા પ્રોત્સાહન પેકેજના ઉપભોક્તા ખર્ચના વધતી આર્થિક ગતિવિધિઓ પર અસર દેખાશે.

આ રિપોર્ટમાં વર્ષ ૨૦૨૦ના અપ્રત્યાશિત ગણાવવામાં આવ્યુ છે. આમાં કહેવામાં આવ્યુ છે કે હાલના વર્ષોમાં વાયરસ ફેલાવાને લઈને ચેતવણી સમય સમય પર આવતી રહી છે. પરંતુ કોઈને પણ કોરોનાના આટલા ખતરનાક હોવાની આશા નહોંતી. ભારતના જીડીપીમાં ૨૦૨૦-૨૧માં ૬.૯ ટકા ઘટાડાનું અનુમાન છે. પરંતુ આ બાદ ૨૦૨૧માં આમાં ૫ ટકાની વૃદ્ધિ નોંધાવાનું અનુમાન છે. આ પહેલા અંકટાડની સપ્ટેમ્બર ૨૦૨૦ની રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતુ કે ભારતીય અર્થવ્યવસ્થામાં ૨૦૨૦માં ૫.૯ ટકા ઘટાડો આવશે અને ૨૦૨૧માં ૩.૯ ટકા તેજી આવશે.

## સુરતમાં ૧.૯૦ કરોડની છેતરપિંડીના ગુનામાં સરથાણાના PI વિરુદ્ધ ગુનો દાખલ

સુરત,

સુરતમાં ૧.૯૦ કરોડની છેતરપિંડીના ગુનાની ફરિયાદ નહીં નોંધી અરજી દફતરે નોંધવાના ગંભીર પ્રકરણમાં કોર્ટે સરથાણા પી.આઈ. જી.એ. પટેલ સામે ગુનો નોંધવા હુકમ કર્યો છે. સત્તાવાર રીતે સીઆરપીસી કલમ ૧૫૪ (૧) મુજબ ફરિયાદ દાખલ કરી ડી.સી.પી.ને તપાસ કરવાનો કોર્ટે હુકમ કર્યો છે. એડિશનલ સિનિયર સિવિલ જજ કે.એમ. ગોહેલે સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ કોગ્નિઝેબલ ગુનાની ફરિયાદ દાખલ નહીં કરવા બદલ સી.આર.પી. સી.ની કલમ ૧૬૬ (ક) હેઠળ રાજ્ય સેવક દ્વારા કાયદાના આદેશની અવગણના બદલ આ ફરિયાદ દાખલ કરવાનો આદેશ કર્યો છે. કેસમાં ફરિયાદી જયદીપ છગન નાથાણીએ ગત તા. ૨૮-૯-૨૦૨૦ના રોજ



છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમ ૪૦૬ અને ૪૨૦ કલમ મુજબ સરથાણામાં ફરિયાદ નોંધાવી હતી. પરંતુ પી.આઈ. જી.એ. પટેલ દ્વારા ફરિયાદ નોંધી તપાસ કરવાને બદલે ગત તા. ૧૬-૧૨-૨૦૨૦ના રોજ ફરિયાદ દફતરે કરી દીધી હતી. જેને પગલે ફરિયાદીએ કોર્ટનું શરણું લેતા સિવિલ કોર્ટે પી.આઈ. જી.એ. પટેલ સામે ફરિયાદ દાખલ કરી ડી.સી.પી.ને તપાસ કરવા અને રિપોર્ટ ૬૦ દિવસમાં કોર્ટ સમક્ષ રજૂ કરવાનો હુકમ કર્યો છે.

## વીમા ક્ષેત્રે FDI વધારીને ૭૪% કરવાનો પ્રસ્તાવ રાજ્યસભામાં પાસ

ન્યુ દિલ્હી,

રાજ્યસભાએ વીમા ક્ષેત્રે સીધું વિદેશી રોકાણ (એફડીઆઈ) વધારીને ૭૪ ટકા સુધીનું કરવાની જોગવાઈ ધરાવતા ખરડાને બહાલી આપી હતી. કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે ભારતના વીમા ક્ષેત્રે વિદેશી કંપનીઓનો હિસ્સો વધશે, પરંતુ તેઓના મોટા ભાગના ડિરેક્ટર અને મૅનેજમૅન્ટમાંની મહત્ત્વની વ્યક્તિઓ ભારતીય જ રાખવી પડશે. તેમણે આ ખરડા પરની ચર્ચા દરમિયાન જવાબમાં જણાવ્યું હતું કે દેશના કાયદા કડક છે અને કોઈ વિદેશી કંપનીઓ દેશમાંથી નાણાં મોટા પાયે બહાર ખેંચીને લઈ જઈ નહિ શકે. નિર્મલા સીતારમણે વધુ સ્પષ્ટતા કરી હતી કે દેશમાંની વીમા ક્ષેત્રની કંપનીઓ પ્રવાહિતાની ખેંચ અનુભવી રહી છે અને સીધા વિદેશી રોકાણમાં વધારો કરવાથી તેઓની મૂડીની જરૂરિયાત સંતોષાશે. તેમણે જણાવ્યું હતું કે વીમા ક્ષેત્રે 'નિયંત્રણ'ની વ્યાખ્યામાં સુધારો કરાયો છે. દેશની વીમા કંપનીઓમાં વિદેશી કંપનીઓનો હિસ્સો વધારવામાં આવ્યો હોવા છતાં મૅનેજમૅન્ટના મહત્ત્વના હોદ્દા પર ભારતીયો જ રાખવા પડશે. નિર્મલા સીતારમણે વીમા (સુધારા) ખરડા, ૨૦૨૧ પરની ચર્ચા દરમિયાન જણાવ્યું હતું કે ભારતમાં વીમા ક્ષેત્રે સીધું વિદેશી રોકાણ ૨૦૧૫માં ૨૪ ટકાથી વધારીને ૪૯ ટકા કરાયું તે પછી અત્યાર સુધીમાં અંદાજે રૂપિયા ૨૬,૦૦૦ કરોડનું સીધું વિદેશી રોકાણ કરાયું હતું.

## ગાંધીનગર મનપા ચૂંટણી જાહેરઃ ૧૮ એપ્રિલે મતદાન, ૨૦ એપ્રિલે પરિણામ

ગાંધીનગર,

કોરોના સંક્રમણે આખા ગુજરાતને ભરડામાં લઈ લીધુ છે ત્યારે રાજ્યના ગણા શહેરોમાં રાત્રિ કરફ્યૂના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને રાત્રિ કરફ્યૂનો સમય વધારી દેવામાં આવ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ અનુસાર ૧૨૭૮ કોરોના કેસ નોંધાયા હતા. ત્યારે રાત્રિ કરફ્યૂ બાદ અફવાઓનું બજાર પણ ગરમાયું છે અને લોકો લોકડાઉનનાં ડરે મોલ અને દુકાનોમાં ખરીદી કરવા ઉમટી પડ્યા છે. ત્યારે ઈલેક્શન કમિશને પણ એક વિચિત્ર જાહેરાત કરી છે. કોરોના મહામારીના ભયાનક ડર વચ્ચે હવે ગાંધીનગરમાં ચૂંટણી યોજાશે. ગાંધીનગરમાં ૨૦ એપ્રિલના રોજ મનપાની ચૂંટણી યોજાશે. આ દરમિયાન જાહેર જનતામાં એવો પણ ગુસ્સો છે કે સરકાર સભાઓ કરે છે ચૂંટણીનું આયોજન થાય છે જેના કારણે કોરોના સંક્રમણ ફરીથી વધી રહ્યું છે. આ દરમિયાન ગાંધીનગપ મનપાની ચૂંટણીની જાહેરાત કરી દેવામાં આવી છે. આગામી ૧૮ એપ્રિલે ગાંધીનગર મનપાની ચૂંટણી યોજાશે. ૨૦ એપ્રિલના રોજ મનપાની ચૂંટણીના મતની ગણતરી થશે. સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. અહીં મનપામાં કુલ ૨,૮૨,૯૮૮ મતદાર છે. જેથી ૨૮૪ મતદાન મથક તૈયાર કરવામાં આવ્યા છે.

ગાંધીનગર મનપાની ચૂંટણી માટે એક એપ્રિલ સુધી ફોર્મ ભરી શકાશે અને ૩ એપ્રિલે ઉમેદવારી પત્રની ચકાસણી થશે. ૫ એપ્રિલે ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ રહેશે. એક બાજૂ કોરોના મહામારીએ ઉથલો માર્યો છે ત્યારે ગાંધીનગરમાં મનપાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. તે જોતા સાફ કહી શકાય કે કોરોના મહામારીમાં સરકાર બનાવાના નાટક યોજાઈ રહ્યા છે અને લોકોના જીવન સાથે ચેડા થઈ રહ્યા છે.

## GPSCની પરીક્ષા રવિવારે રાબેતા મુજબ લેવાશે

ગાંધીનગર,

રાજ્યમાં કોરોનાના કેસમાં ફરી વધારો થઈ રહ્યો છે. અમદાવાદ અને સુરતમાં કોરોનાના ૩૦૦ની આસપાસ પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે, ત્યારે રાજ્ય સરકારે ૪ મહાનગરપાલિકાની જવાબદારી સનદી અધિકારીઓને સોંપી દીધી છે. કોરોનાના વધી રહેલા કેસને લઈ રવિવારના રોજ યોજાનારી જીપીએસસીની પરીક્ષા બાબતે અનેક અહેવાલો સોશિયલ મીડિયામાં વહેતા થયા હતા. જોકે, આજે શુક્રવારે જીપીએસસી દ્વારા સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી છે કે, પરિક્ષા રાબેતા કાર્યક્રમ મુજબ જ યોજવામાં આવશે.

સરકારી ભરતી માટે તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યાં છે. જેમાં જીપીએસસી વર્ગ ૧ અને ૨ની પરીક્ષા રાબેતા મુજબ જ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જીપીએસસી વર્ગ-૧ અને ૨ની પરિક્ષા ૨૧ માર્ચના રોજ યોજાશે.

રાજ્યના કુલ ૩૨ જિલ્લાના ૮૩૮ સેન્ટર પર જીપીએસસી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૯૦૦૫ વર્ગમાં જીપીએસસી વર્ગ ૧ અને ૨ ની પરીક્ષા યોજાશે. રવિવાર યોજાનારી પરીક્ષામાં કુલ ૨.૧૫ લાખ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.






## કોંગ્રેસ જીતશે તો આસામમાં CAA લાગુ નહિ થાયઃ રાહુલ ગાંધી

ગૌહાટી,

આસામ વિધાનસભા ચૂંટણીને જોતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારના કોલેજના બાળકો સાથે વાતચીત કરી. આ દરમિયાન રાહુલે કહ્યું કે, કોંગ્રેસએ ખાતરી કરશે કે રાજયમાં નાગરિકતા કાયદો લાગુ ના થાય. દિબ્રુગઢમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, તમને લાગે છે કે લોકશાહીમાં પડતી આવી રહી છે? યુવાઓ બેરોજગાર છે, ખેડૂતો વિરોધ કરી રહ્યા છે. CAA છે. જો તેઓ કેન્દ્ર સરકારમાં છે તો લોકોને તેમની સંસ્કૃતિ, ભાષા ભૂલવા માટે ના કહી શકે. નાગપુરમાં પેદા થયેલી એક શક્તિ આખા દેશને



નિયંત્રિત કરવાનો પ્રયત્ન કરી રહી છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, "લોકશાહીનો અર્થ છે-આસામનો અવાજ, આસામ પર રાજ કરે. જો આપણે વિદ્યાર્થીઓને સામેલ નથી કરતા તો કોઈ લોકશાહી ના હોઈ શકે. યુવાઓએ સક્રિય રીતે રાજનીતિમાં ભાગ લેવો જોઈએ અને આસામ માટે લડવું જોઈએ. તમારે પથ્થરો, લાકડીઓથી નહીં, પ્રેમથી લડવું પડશે." કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કોલેજના વિદ્યાર્થીઓને કહ્યું કે, ભાજપ લોકોમાં ભાગલા પાડવા માટે નફરત ફેલાવે છે.

વાયનાડ સાંસદે કહ્યું કે, "જે એરપોર્ટના મુદ્દે થઈ રહ્યું છે. એ જ ચાના બાગને લઈને પણ થઈ રહ્યું છે. જ્યારે અમારી સરકાર હતી ત્યારે અમે આસામને સુરક્ષા આપી હતી. હજારો-કરોડો રૂપિયાના સ્પેશિયલ પેકેજ, ઈન્વેસ્ટમેન્ટ પોલિસી જેમાં કોઈ પણ જો ઈન્વેસ્ટ કરવા ઈચ્છે છે તો તેને અમે સબસિડી આપતા હતા. તેને રદ કરી દેવામાં આવી." રાહુલ ગાંધીએ કહ્યું કે, "તમારી વચ્ચે ભાગલા પાડવામાં આવી રહ્યા છે. એક ધર્મને બીજા ધર્મ સાથે લડાવીને. એક વ્યક્તિને બીજા વ્યક્તિ સાથે લડાવીને."

રાહુલ ગાંધીએ કહ્યું કે, "પછી જે તમારું છે એ તમારી પાસેથી છીનવીને પોતાના ઉદ્યોગપતિ મિત્રોને આપવામાં આવી રહ્યું છે. ભારતમાં અલગ-અલગ ભાષાઓ છે, જેમકે તમિલનાડુમાં તમિલ, બંગાળમાં બાંગ્લા છે, આ ભાષાઓ, ધર્મો અને લોકોની વચ્ચે જે ખુલ્લી વાતચીત થાય છે તેને આપણે હિન્દુસ્તાન કહીએ છીએ.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગરમાં આજે ૧૨ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૧૯૦ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના– ૦૧ સ્ત્રીલ અને ૦૧ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રીજ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રીઆ અને ૦૫ પુરૂષ અને સંતરામપુર તાલુકાના ૦૩ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૯–૦૩–૨૦૨૧ના સાંજના ૪–૩૦ વાગ્યા સુધીમાં ૨૧૯૦ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાટત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લોમાં અત્યાર સુધીમાં કુલ ૨૦૮૬ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/કોરોનાના કુલ ૧૪૦૫૫૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૪ દર્દી લીલાવતી હોસ્પિટલ, ૨૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ–લુણાવાડા, ૨૧ દર્દી હોમ આઇસોલેશન અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૪ દર્દીઓ સ્ટેબલ અને ૧૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

## આજે લુણાવાડા ખાતેના જિલ્લા પંચાયત કેમ્પસમાં રકતદાન કેમ્પનું આયોજન

લુણાવાડા,
કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચેપ પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓ તેમજ થેલેસેમિયાના દર્દી, ગંભીર અકસ્માત પીડિત, ગંભીર બિમારી ધરાવતા વ્યકિતઓના જીવન રક્ષણ માટે જિલ્લામ કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ રેડક્રોસ સંસ્થા, લુણાવાડાના સહયોગથી અર્બન હેલ્થ સેન્ટ્ર, લુણાવાડા દ્વારા આજે તા.૨૦/૩/૨૦૨૧ના રોજ મહીસાગર–લુણાવાડાના જિલ્લાળ પંચાયત કેમ્પસ, રેડક્રોસ ભવન, બીજા માળે સવારના ૯–૦૦ થી બપોરના ૨–૦૦ દરમિયાન રકતદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું છે.

આ રકતદાન કેમ્પોમાં લુણાવાડા નગરના તેમજ આસપાસના ગામના દરેક સેવાભાવી વ્યકિતઓને આ રકતદાન કેમ્પનો લાભ લઇ રકતદાન–મહાદાન મંત્રને સાર્થક કરવા તેમજ રકતદાતાઓને રકતદાન કેમ્પ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સીંગ, હેન્ડલ સેનીટાયઝેશનન તેમજ માસ્કનો ઉપયોગ કરવા અર્બન હેલ્થ સેન્ટ્રર, લુણાવાડાએ એક યાદી દ્વારા અપીલ કરી છે.

તો આવો આપણે સૌ રકતદાન કરી અન્યના જીવન માટે જીવન રક્ષક બનીએ. અને મહીસાગર જિલ્લામાં નવીન કાર્યરત થયેલ રેડક્રોસ સંસ્થામાં મહત્તમ રકતદાન કરીને માનવતાના આ ઉમદા કાર્યમાં સહભાગી થઇએ.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર તાલુકા પંચાયત કચેરીમાં પ્રમુખ અને ઉપપ્રમુખે ચાર્જ સંભાળ્યો સંતરામપુર તાલુકા પંચાયત કચેરીમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવી હતી. આજે પ્રમુખ તરીકે શારદાબેન .ડી. પટેલ અને ઉપપ્રમુખ તરીકે ખાંટ ભરતભાઈ સ્વરૂપ ચાર્જ સંભાળ્યો હતો. પૂજાવિધિ કરીને પ્રમુખની ચેમ્બરમાં પ્રસ્થાન કરેલુ હતું અને ચૂંટાયેલા સભ્યો તાલુકા પંચાયતના કર્મચારી તમને હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

## દે.બારીઆના અસાયડી ગામે રેલ્વે ટ્રેકની બાજુમાંથી મહિલા અને બાળકનો મૃતદેહ મળી આવતા પોલીસ તપાસ

દે.બારીઆ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના અસાયડી ગામે રેલ્વે ટ્રેકની બાજુમાંથી એક મહિલા સહિત બાળકની લાશ મળી આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. મળતી માહિતી પ્રમાણે મૃતક મહિલાની નજીકમાં એક ચિઠ્ઠી પણ મળી આવી છે. જેમાં પોતાનો પતિ કોઈ અન્ય સ્ત્રી સાથે ભાગી જતાં પોતે પોતાના પુત્ર સાથે આત્મહત્યા કરી હોવાનું ઉલ્લેખ ચિઠ્ઠીમાં કરવામાં આવ્યો છે. ત્યારે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ પોલીસે તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કરી તપાસમાં જોતરાઈ છે.

મળતી માહિતી પ્રમાણે આજરોજ લીમખેડા તાલુકાના વડેલા ગામની પરણિતા શર્મિષ્ઠાબેન ચેતનભાઈ પટેલના પતિ ચેતનભાઈ પટેલ દ્વારા તેના જ ગામની એક યુવતી સાથે પ્રેમ સંબંધ હોય તેની સાથે ભાગી ગયો હોવાના કારણે આજરોજ આ શર્મિષ્ઠાબેન દ્વારા પોતાના અઢી વર્ષના પુત્ર મીતને લઈ પોતાના સાસરીના ઘરેથી નીકળી હતી અને આ બંન્ને માતા – પુત્રની લાશ દેવગઢ બારીઆ તાલુકાના અસાયડી ગામે આવેલ રેલ્વે ટ્રેકની બાજુમાંથી આશરે સાંજના સમયે મળી આવતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ પરણિતા અને થોડે દુર એક બાળકની લાશ જોવાતાની સાથે જ આસપાસના લોકો સહિત ગ્રામજનો દોડી આવ્યાં હતાં. ઘટના સ્થળ પર લોકટોળા પણ ઉમટી પડ્યાં હતાં ત્યારે ઘટનાની જાણ નજીકની પોલીસને થતાં તાબડતોડ પોલીસ દોડી જઈ સ્થિતીને જોતા એકક્ષણે પોલીસ પણ ચોંકી ઉઠી હતી. લોહીલુહાણ હાલતમાં મહિલા અને બાળકની લાશ સ્થળ પર પડી હતી. પોલીસે તાત્કાલિક નજીકના દવાખાનાનો સંપર્ક કરી એમ્બ્યુલંશ મારફથે બંન્નેના મૃતદેહોને પીએમ અર્થે ખસેડવાની તજવીજ પણ હાથ ધરી હતી. બીજી તરફ ચોંકાવનારી માહિતી એવી મળી રહી છે કે, મૃતક મહિલાના નજીકમાંથી એક ચિઠ્ઠી મળી છે જેમાં લખ્યું છે કે, હું પોતે ધર્મિષ્ઠાબેન અને આ મારા ખોળામાં છે એ મારો છોકરો મિત છે જે કોઈ આ કારણ છે એ હું દર્શાવું છે કે, મારો ઘરવાળો છોકરીને લઈને ભાગી ગયો છે તો આ બંન્નેને ગમે તે રીતે મેળવીને ફાંસીએ ચડાવજો. આ મારી તમને નમ્ર વિનંતી. આ કારણે હું અને મારો છોકરાને લઈને આત્મહત્યા કરૂં છું આમ, આ ચિઠ્ઠીમાં લખાણને પગલે પણ ચકચાર મચી જવા પામ્યો છે. જાણવા મળ્યાં અનુસાર, મરણ જનાર મહિલા લીમખેડાના વડેલા ગામની પરણિતા છે. પોતાના પતિએ ગામની કોઈ છોકરીને રાખી હોવાને કારણે આ પરણિતાએ પોતાના વ્હાલસોયા પુત્ર સાથે આ પગલું ઉઠાવ્યાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. તમામ પાસાઓને ધ્યાનમાં રાખી પોલીસે તપાસનો સિલસિલો આરંભ કરી દીધો છે. વધુમાં જાણવા મળ્યા અનુસાર, આ મૃતક પરણિતાનું પિયર સીંગવડ તાલુકાના છાપરવડ ગામે આવેલ છે અને તેના પિતા ભાવસિંગભાઈ ગુલાબભાઈ બારીયા દ્વારા લીમખેડા ખાતે રહેતા ચેતનભાઈ બળવંતભાઈ પટેલ સાથે આજથી ૦૬ થી ૦૭ વર્ષ અગાઉ લગ્ન કરાવ્યાં હતાં. વસ્તારમાં શર્મિષ્ઠાબેનને પ્રમથ એક પાંચ વર્ષની પુત્રી છે અને બીજુ સંતાન આ અઢી વર્ષનો મીત હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પરણિતા અને પુત્રની કેવી રીતે ઘરેથી નીકળી અને આ સ્થળે પહોંચ્યાં તે પણ એક યક્ષ પ્રશ્ન બન્યો છે. ત્યારે પોલીસે સ્થળ પરથી મળેલ આ ચિઠ્ઠીના આધારે મૃતક શર્મિષ્ઠાબેનના પતિ તથા તેની પ્રેમિકાની શોધખોળના ચક્રોગતિમાન આરંભ કરી દીધા છે.

## મોરવા(હ) વિધાનસભા બેઠકની પેટા ચુંટણી જાહેર થતાં રાજકીય ગરમાવો : કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ



મોરવા(હ),
મોરવા(હ) વિધાનસભા બેઠક માટે પેટા ચુંટણીની જાહેરાત થતાં રાજકીય ગરમાવો જોવા મળ્યો. મોરવા(હ) બેઠકની પેટા ચુંટણી માટે ડાૅ. પ્રભાબેન તાવિયાડની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ.

મોરવા(હ) વિધાનસભા બેઠકની ખાલી પડેલ જગ્યા માટે પેટા ચુંટણી ૧૭ એપ્રિલના રોજ યોજવાની રાજય ચુંટણી પંચ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. જેને લઈ મોરવા(હ) તાલુકામાં રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. આજરોજ મોરવા(હ)ના ઉમરદેવી ગામે કોંગ્રેસની મીટીંગ ડાૅ. પ્રભાબેન તાવિયાડની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. જેમાં જીલ્લા કોંગ્રેસના હોદ્દેદારો હાજર રહ્યા છે. મોરવા(હ) વિધાનસભા બેઠક માટે ૨૧ માર્ચના રોજ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાની બીજા બેઠક યોજશે. આ બેઠકમાં મોરવા(હ) બેઠકની પેટા ચુંટણી બેલેટ પેપર ચુંટણી યોજવાની માંગ કરાશે.

## ઈન્ટરવ્યુ આપવાનું કહી નીકળેલી વેલપુરાની યુવતી ગુમ

ઝાલોદ,
ઝાલોદ તાલુકાના વેલપુરા ગામના ઉમરીમાળ ફળિયામાં રહેતા અરવિંદભાઈ માનસિંગભાઈ વસૈયા પોતાની ૨૭ વર્ષીય પુત્રી મિત્તલને ગત્ત તા. ૮ દાહોદની નવજીવન કોલેજ ખાતે એલએલબીની પરીક્ષામાં બેસાડવા માટે આવ્યા હતા અને મિત્તલને કોલેજ ખાતે ઉતારી તેઓ બજારમાં કામ માટે ચાલ્યા ગયા હતા. બાદમાં બપોરના સમયે મિત્તલ હું ઈન્ટરવ્યુ આપવા જાઉ છું, એમ કહીને નીકળેલી રાત્રી પર્યંત ઘરે ના આવતા ચિંતાતુર અરવિંદભાઈએ સગાસંબંધીના ઘરે તપાસ કરી છતાં મળી આવી નહોતી. તેમણે પોલીસમાં ગુમશુદા નોંધ આપી છે. મિત્તલની શરીરની ઉંચાઇ ૫ ફુટ ૬ ઇંચ, આંખો કાળી, ઘઉં વર્ણ, લંબગોળ ચહેરો છે. ઘરેની નીકળી ત્યારે પગમાં ગ્રે કલરની મોજડી અને ગુલાબી ડ્રેસ પહેર્યો હતો. તેની ભાળ મળે તો દાહોદ રૂરલ પોલીસ સ્ટેશન નં. ૦૨૬૭૩–૨૪૪૯૦૦ તથા મોબાઈલ નં. ૮૧૪૧૮૨૯૯૦૮ ઉપર જાણ કરવા વિનંતી છે.

## મુખ્યમંત્રી રૂપાણીની કોર્પોરેટરોને કોન્ટ્રાક્ટરગીરી ન કરવા સખ્ત ચેતવણી




ગાંધીનગર,
અમદાવાદ મહાનગરપાલિકામાં ૧૬૦ કોર્પોરેટરો સાથે સત્તા મેળવ્યા બાદ મુખ્યમંત્રી રૂપાણીએ કોર્પોરેટરોને પ્રમાણિકતાના પાઠ ભણાવ્યા. ગાંધીનગરના ખાનગી ફાર્મમાં ભાજપના નવા કોર્પોરેટરોની ગઈકાલે મળેલી ટિફિન બેઠકમાં મુખ્યમંત્રી રૂપાણી શિક્ષકની ભૂમિકામાં નજરે પડ્યા. પોતાના વિસ્તૃત સંબોધનમાં તેમણે કોર્પોરેટરોને અનેક સૂચનાઓ આપવા સાથે સફળ રાજકીય જીવન માટે મંત્ર પણ આપ્યો હતો. મુખ્યમંત્રી રૂપાણીએ પોતાનું ઉદાહરણ આપીને કોર્પોરેટરથી મુખ્યમંત્રી સુધીની સફર કેવી રહી તે સમજાવ્યું. પક્ષથી મોટું કોઈ નથી અને પક્ષના યોગદાનને યાદ રાખીને પ્રજાલક્ષી કામગીરી કરવા મુખ્યમંત્રી રૂપાણીએ કોર્પોરેટરોને તૈયાર કર્યા.

મોટાભાગના કોર્પોરેટરો પહેલીવાર ચૂંટાયા હોવાથી રાજકીય કારકિર્દી લાંબી ચાલે અને સ્વચ્છ રહે તે માટે મુખ્યમંત્રીએ વિશેષ ધ્યાન આપ્યું. મુખ્યમંત્રીએ કહ્યું કે તમે લોકો નસીબદાર છો કારણકે ૩ હજાર બાયોડેટામાંથી તમને ટીકીટ મળી અને પછી તમે જીત્યા. કાર્યકરો અને પક્ષના કારણે તમારી જીત થઈ છે ત્યારે કાર્યકરોને સાથે રાખીને ચાલવાની પહેલી ફરજ છે. કાર્યકરોનું માન, સન્માન જળવાય તેની તકેદારી રાખવી. પ્રજાના કામોને પ્રાથમિકતા આપવી અને કોન્ટ્રાકટર સિસ્ટમથી દૂર રહેવું. જાહેર જીવનમાં પ્રામાણિકતાના રસ્તે ચાલવાથી જ સફળતા મળે, કદાચ સફળતા મોડી મળે પણ ચોક્કસ મળે છે. કોન્ટ્રાકટરગીરી કરતા જે પણ કોર્પોરેટર દેખાશે, તેનું રાજીનામું લેતા નહીં અચકાય તેવી પણ ચીમકી મુખ્યમંત્રીએ આપી હતી.

સાથે જ તેમણે કોર્પોરેટરોને લાંબી રાજકીય કારકિર્દી માટે કામ કરવાનો મંત્ર આપ્યો. તેમણે કહ્યું કે, જો કોર્પોરેટર તરીકે તમારું કામ સારું હશે તો સૌ કોઈ નોંધ લેશે અને ધારાસભ્ય, સાંસદ બનવાનો પણ મોકો મળશે. પોતે પણ કોર્પોરેટર તરીકે કામ કરી ચૂક્યાનું ઉદાહરણ આપીને તેમણે કોર્પોરેટરોને સતત પક્ષ માટે કામ કરવા સમજાવ્યા.

## પોરબંદરના દરિયાકિનારેથી પાકિસ્તાને ૩૫ માછીમારોનું અપહરણ કર્યું



પોરબંદર,
પાકિસ્તાન દ્વારા અવારનવાર ભારતીય જળસીમામાં ઘુસીને માછીમારોના અપહરણ કરવામાં આવે છે. જેની સામે માછીમારો અને તેના પરિવારજનોમાં રોષ વધી રહ્યો છે, ત્યારે આ સમયે પાકિસ્તાન મરીન ફોર્સે ભારતીય જળસીમા નજીક પોરબંદરની ૬ બોટો સાથે ૩૫ માછીમારોનું અપહરણ કર્યું છે. જો કે હજુ સુધી માછીમારોના નામ અને બોટના નામ જાણી શકાયા નથી. બીજી બાજુ માછીમારોના અપહરણને લઈ માછીમાર સમાજમાં પાકિસ્તાન સામે રોષની લાગણી છવાઈ છે. નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા પાકિસ્તાને તેની નાપાક હરકતથી સૌરાષ્ટ્રના ૪ બોટ સાથે ૨૪ માછીમારોનું અપહરણ કર્યુ હતું. પાકિસ્તાન દ્વારા ભારતીય માછીમારોના અપહરણને કારણે લોકોમાં આક્રોશ ફેલાયો છે. માછીમાર એસોસિએશનના અગ્રણી મનીષભાઈ લોઢારીએ જણાવ્યું કે, માછીમારો ભારતીય જળસીમા નજીક માછીમારી કરી રહ્યા હતા, તે જ સમયે મરીન ફોર્સ દ્વારા તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન અવારનવાર અમારા માછીમારોનું અપહરણ કરી રહ્યું છે. તેમણે સરકારને આ સંદર્ભે કોઈ કડક પગલા ભરવાની માંગ કરી છે. માછીમારોના અપહરણથી તેમના પરિવારોની હાલત કફોડી બની છે.

આપને જણાવી દઈએ કે, આજે પાકિસ્તાન મરીન સિક્યુરિટી દ્વારા પોરબંદરની ૬ બોટ અને ૩૫ માછીમારોના અપહરણ કરાયા છે. ભારતીય જળસીમા નજીક બોટો ફિશિંગ કરી રહી હતી તે દરમિયાન પાક મરીન સિક્યુરીટીની શીપ ત્યાં ધસી આવી હતી અને બંદુકના નાળચે પોરબંદરની ૬ બોટ અને તેમાં સવાર આશરે ૩૫ માછીમારોના અપહરણ કર્યા છે અને તમામને કરાચી તરફ લઈ જવામાં આવ્યા છે.

## સાવલીના ગોઠડા ગામે શિવમ પેટ્રોકેમ કંપનીમાં આગ: ૬ કર્મી દાઝ્યા



વડોદરા,
સાવલી તાલુકાના ગોઠડા ગામ પાસે આવેલી શિવમ પેટ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝમાં વહેલી સવારે પ્રચંડ ધડાકા સાથે ભીષણ આગ લાગતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતાં જ ફાયરબ્રિગેડની ટીમ સહિત વહીવટી તંત્ર દોડી આવ્યું હતું. અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગની દુર્ઘટનામાં ૬ કામદારોને ઈજા પહોંચતા તત્કાલ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. સદનસીબે જાનહાની થતા ટળી હતી.

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ગોઠડા ગામ પાસે આવેલી ફાર્મા સ્યુટિકલ પાવડરનું ઉત્પાદન કરતી શિવમ પેટ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝમાં વહેલી સવારે રીએક્ટર ફાટતાં ભીષણ આગ લાગી હતી. પ્રચંડ ધડાકા સાથે આગ લાગતાં ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા. બનાવની જાણ થતાં જ ગોઠડા ગામના સરપંચ તેમજ મામલતદાર સહિત તંત્રની ટીમો સ્થળ પર દોડી આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. આગની દુર્ઘટનામાં ૬ કામદારો દાઝી જતા પ્રાથમિક સારવાર અર્થે સાવલી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ૪ કામદારો ગંભીર રીતે દાઝી જતા વડોદરાની જીજીઞ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

સાવલી વડોદરાના મુખ્ય માર્ગ પર ગોઠડા ગામ પાસે શિવમ પેટ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝ કંપની આવેલી છે. આ કંપનીમાં ફાર્માસ્યુટિકલ પાવડરનું ઉત્પાદન કરવામાં આવે છે. વહેલી સવારે કેમિકલ પ્રોસેસની કામગીરી દરમિયાન રીએક્ટરમાં પ્રેશર વધી જતાં રીએક્ટર ફાટ્યું હતું. પ્રચંડ ધડાકો થતા કંપનીથી ૮ થી ૧૦ કિલોમીટરના વિસ્તારમાં બ્લાસ્ટનો અવાજ સંભળાયો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના ગામના લોકો કંપની ખાતે દોડી ગયા હતા. બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા સાવલી નગરપાલિકા, નિરમા સહિતની આસપાસની કંપનીના ફાયર ફાયટરો અને એમ્બ્યુલન્સ તેમજ ૧૦૮ની ટીમો દોડી આવી હતી તેમજ આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

## કોરોના સંકટ: ધો. ૧૨ સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષા સ્થગિત

ગાંધીનગર,
રાજ્યમાં સતત વધી રહેલા કોરોના કેસના કારણે ફરી વખત પ્રતિબંધોનો દોર શરુ થયો છે. જેમાંથી એક વર્ષ બાદ શરુ થયેલું શૈક્ષણિક કાર્ય પણ બાકાત નથી. ગઈકાલે રાજ્ય સરકારે આઠ મહાનગરોની શાળા કોલેજોને ૧૦મી એપ્રિલ સુધી બંધ કરવાનો આદેશ આપ્યો છે. ત્યારબાદ આજે ફરી રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યના આઠ મહાનગરોમાં આગામી સમયમાં શરુ થનારી ધોરણ ૧૨ સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષાને સ્થગિત કરવામાં આવી છે. મહાનગરોમાં કોરોનાના વધી રહેલા ફેલાવાના કારણે આ નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ૩૦ માર્ચથી ધો.૧૨ સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષા શરૂ થઈ રહી છે. ત્યારે કોરોનાને લીધે અમદાવાદ સહિતના આઠ મહાનગરોમાં આ પરીક્ષા સ્થગિત કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે ગઈકાલે સરકારે આ મહાનગરોમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવાના આદેશ આપ્યા હતા. ત્યારે હવે અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર, ભાવનવર, ગાંધીનગર અને જૂનાગઢ સહિતના ૮ મુખ્ય શહેરોમાં પ્રેક્ટિકલ પરીક્ષા હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી છે. જો કે રાજ્યના બાકીના તમામ શહેરો અને નગરોના કેન્દ્રોમાં રાબેતા મુજબ પરીક્ષા લેવાશે. જ્યાં સ્થગિત થઈ છે ત્યાંના વિદ્યાર્થીઓ માટે ફરી પરીક્ષાનું અયોજન થશે અને ફરી હોલ ટિકિટ જાહેર કરવામાં આવશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૦-૦૩-૨૦૨૧, શનિવાર, ફાગણ સુદ-૭, સૂર્યોદય-૬-૨૫, સૂર્યાસ્ત-૬-૩૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ રોહિણી


| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૦.૦૩.૨૦૨૧ શનિવાર

મેષ(અ.લ.ઈ.) :- માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાનની ખરીદી થાય. સુખ ઉત્તમ મળે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.
વૃષભ(બ.વ.ઉ.) :- શારીરિક સુખ, ઉત્તમ, સંતાનસુખ સારું મળે. બુદ્ધિ-વિવેકથી કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.
મિથુન(ક.છ.ઘ.) :- નોકરીમાં લાભ, શેર બજારથી લાભ થાય, વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.
કર્ક(ડ.હ.) :- વાહન-મકાન સુખ ઉત્તમ, ભાગ્યોદય ઉત્તમ, નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બને.
સિંહ(મ.ટ.) :- ધંધાનું આયોજન, સફળ બને. કુટુંબ સુખ ઉત્તમ વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. જમીન ખરીદી થઈ શકે.
કન્યા(પ.ઠ.ણ.) :- કુટુંબનો સહકાર મળે. વિવાહ લગ્ન સંબંધિ શુભ સમય, શુભ સમાચાર મળે. સામાજિક જવાબદારીમાં વધારો થાય.
તુલા(ર.ત.) :- જમીન-વાહન-મકાનનો આયોગ. નાણાંકીય સ્થિતિ ઉત્તમ બને. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે.
વૃશ્ચિક(ન.ય.) :- ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ, કુટુંબ સુખ ઉત્તમ મળે. નોકરીમાં લાભ થાય. ધંધાકીય નવું રોકાણ શક્ય બને.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હલવી બને. આકસ્મિક ધનલાભ. વાહન સુખ ઉત્તમ.
મકર(ખ.જ.) :- ધંધાનું આયોજન સફળ બને. શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ મળે. નાણાંકીય દૂર થાય.
કુંભ(ગ.શ.સ.) :- કુટુંબ સુખમાં વધારો થાય. શુભ સમાચાર મળે. નોકીર-ધંધામાં પ્રગતિ થઆય. આવકમાં વધારો થાય.
મીન(દ.ચ.ઝ.) :- કુટુંબ તરફથી શુભ સમાચાર મળે. શેરબજારથી લાભ. વિવાહ - લગ્ન સંબંધી ઉત્તમ સમય.

# દાહોદ જીલ્લામાં કોરોનાના ૧૯ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર એલર્ટ



દાહોદ,

દાહોદ જીલ્લામાં શુક્રવાવરના રોજ કોરોનાના ૧૯ પોઝીટીવ કેસો આવ્યા છે. તેની સાથે જીલ્લામાં ૨૯૨૮ નો કુલ આંકડો નોંધાયો છે ત્યારે એક્ટીવ કેસ ૭૫ને પાર કરી ગયો છે. આ ૧૯ પૈકી દાહોદ અર્બન વિસ્તારમાંથી ૧૨ કેસોનો સમાવેશ થાયે છે ત્યારે દાહોદ અર્બન વિસ્તારમાં કોરોના સંક્રમણ વધી રહ્યો છે. તેમ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ નહીં ગણાય.

દાહોદ જીલ્લામાં સથાનિક સ્વરાજયની ચુંટણી બાદ કોરોના ફેલાસે તેવી દહેશત હતી. ત્યારે છેલ્લા ૪ દીવસથી દાહોદ જીલ્લામાં દિન પ્રતિદીન કોરોના કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.એટલુ જ નહી આ તો સરકારી આંકડા મુજબ નોધાયેલા છે પરંતુ ખાનગી હોસ્પીટલમાં અને ખાનગી લેબમાં આનાથી અનેક વધુ કેસો હોવાનું જાણવા મળી રહ્યું છે. ચુંટણી દરમ્યાન સભા,રેલીઓ દરમ્યાન સોશ્યલ ડીસ્ટન્સ માસ્કના અભાવના કારણે તેમજ લોકોની બેદરકારીમાં ભીડભાડમાં સોશ્યલ ડીસ્ટન્સ અને માસ્ક વગર ફરતા હોવાના કારણે કોરોનાના કેસો વધ્યાં છે. ત્યારે કોરોના ૧૯ કેસો નોંધાતાં જિલ્લાવાસીઓ સાથે સાથે આરોગ્ય તંત્રમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. આજના ૧૯ કેસો પૈકી દાહોદ અર્બન વિસ્તારમાંથી ૧૨, દાહોદ ગ્રામ્ય વિસ્તારમાંથી ૦૨, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૧, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૧ અને ફતેપુરામાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. વધતાં કેસોને પગલે દાહોદ જિલ્લા આરોગ્ય તંત્રની ટીમ પણ એલર્ટ બની છે. કોરોના સંક્રમણને કાબુમાં લેવા માટે ઠેર ઠેર સેનેટરાઈઝરની કામગીરીનો પણ આરંભ કરી દેવામાં આવ્યો છે. જાણવા મળ્યા અનુસાર, બીજી તરફ આરોગ્ય અને પોલીસ તંત્રની સંયુકત ટીમ દ્વારા દાહોદ જિલ્લાને અડીને આવેલ સરહદી વિસ્તારમાં પણ સઘન આરોગ્ય ચેકીંગ સાથે અવર જવર કરતાં મુસાફરોનું સ્કીનીંગ સહિત ટેસ્ટ હાથ ધરવામાં પણ આવી રહ્યું છે. છેલ્લા એક સપ્તાહથી વધારે સમયથી એકલ દોકલ અને પાંચ-દશ કેસો સાથે કોરોના સંક્રમણનો આંકડો જિલ્લામાં વધતો હતો પરંતુ આજે એકસાથે ૧૯ કોરોના કેસો નોંધાતાં આરોગ્ય તંત્ર અને જિલ્લાવાસીઓમાં ફરી ફફડાટ પણ જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં આ કોરોના રૂપી રાક્ષ જિલ્લામાં કેવું રૂપ ધારણ કરશે તે જોવાનું રહ્યું.

## દાહોદ માર્કેટયાર્ડ અને MGVCL પાસેથી થઈને ઈન્દોર હાઈવે રોડ તરફ જતાં બ્રિજનું કાર્ય પુનઃ શરૂ

દાહોદ,

દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાનાં મુખ્ય મથક દાહોદના અનાજ માર્કેટ યાર્ડ તરફથી MGVCL થઈને ઈન્દોર હાઈવે તરફ જતાં બ્રિજ (પુલ) નું કાર્ય શુક્રવારના રોજ થી પુનઃ શરૂ થઇ ગયું છે. જે માટે તા.૧૮.૦૩.૨૦૨૧ ને ગુરૂવારના રોજ કલેક્ટર વિજય ખરાડીની અધ્યક્ષતામાં Smart City ની મિટિંગ મળી હતી. જેમાં છેલ્લા ૧ વર્ષ અને ૬ માસથી આ બ્રિજ (પુલ) નું કાર્ય અટકેલ હતું અને અમુક વાંધા વિરોધ હતા જે લઈને દાહોદ જિલ્લા કલેક્ટર વિજય ખરાડીની અધ્યક્ષતામાં Smart City ની એક મિટિંગ મળી હતી. જેમાં સ્માર્ટ સિટીના સભ્ય સુધીરભાઈ લાલપુરવાલા, દાહોદ ચીફ ઓફિસર એન.સી. પટેલ, APMC ચેરમેન કનૈયા કિશોરી, નગર પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ આ તમામ લોકો ઉપસ્થિત રહ્યા હતા. તેનું નિરાકરણ આ મિટિંગમાં આવી જતાં આ બ્રિજ (પુલ) નું જે કામ અધૂરૂં રહી ગયેલ છે તે કાર્ય પુનઃ શરૂ થઈ થયું છે.

આ વાતને લઈને દાહોદ શહેરના લોકોમાં ખુશીની લહેર દોડી ગઈ હતી અને ખાસ કરીને વેપારીમાં, કારણકે ટ્રાન્સપોટેશન માટે જે હેવી ગાડીઓ માલવહન કરીને દાહોદ શહેરના જુદા-જુદા માર્ગો ઉપર થઈને અનાજ માર્કેટમાં આવતી હતી. જેમને જુના દાહોદમાં આવવામાં અને માર્કેટ યાર્ડ સુધી પહોચવામાં ખૂબ જ ટ્રાફિકનો સામનો કરવો પડતો હતો. જેથી પડાવ અને રળિયાતી રોડ બાજુ દરરોજ ટ્રાફિક જામની સમસ્યા ઊભી થતી હતી અને આ નિરાકરણ લાવવાથી જે દાહોદના આ વિસ્તારોની મૂળભૂત ટ્રાફિકની સમસ્યા છે. તે સમસ્યાઓ આ બ્રિજ બની જવાથી હલ થશે. અને હેવી માલ વાહક વાહનો સીધા બહાર નીકળી જશે. અને વચ્ચેથી અંદર આવી શકશે. જે શહેર અને લોકો માટે ખુશીની વાત છે. અને આ વાત શહેરમાં પ્રસરી જતાં શહેરીજનોમાં ખુશીની લહેર દોડી ગઈ હતી.

## દાહોદને ફાળવાયેલી મોબાઈલ ટીબી વાન દ્વારા ૭૮૧૭ એક્સ રે કાઢવામાં આવ્યા : ૬૫૮ દર્દીઓ મળી આવ્યા



દાહોદ,

રાજરોગ ગણાતા ટ્યુબરક્યોલીસીસને સમગ્ર દાહોદ જિલ્લામાંથી તડીપાર કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા આગામી તા. ૨૨થી ચાર દિવસ સુધી સતત સર્વેક્ષણ હાથ ધરવામાં આવનાર છે. આ સર્વે દરમિયાન કોઈ દર્દીને ક્ષયના દર્દીઓને સારવાર હેઠળ લાવવામાં આવશે.

ક્ષય રોગ જીવલેણ છે. એક આંકડા અનુસાર સમગ્ર વિશ્વમાં પ્રતિ પાંચ મિનિટે બે વ્યક્તિ ટીબીને કારણે મૃત્યુ પામે છે. ટીબીના દર્દીઓને સમયસર સારવાર ના મળે તો તે મૃત્યુ તો પામે છે પણ સાથે અન્ય લોકોને પણ ચેપ લગાડે છે. સારવાર મળવાથી અન્ય લોકોને ચેપલાગવાનું જોખમ ઘટી જાય છે.

સર્વેક્ષણ અંગે માહિતી આપતા જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં ઉક્ત તારીખોના ચાર દિવસ દરમિયાન આરોગ્ય કર્મચારીઓ તમામ ઘરોમાં જઇને નાગરિકોના આરોગ્યની તપાસણી કરશે અને રોગના લક્ષણોની તપાસ કરશે. ટીબી રોગના સામાન્ય લક્ષણો બે અઠવાડિયા કરતા વધુ સમયથી ખાંસી, સાંજના સમયે જીણો તાવ આવવો, રાત્રે પરસેવો થવો, ભૂખ ના લાગવી, વજનમાં ઘટાડો થવો જેવા છે. ખાંસી વખતે ગડફામાં લોહી પણ દેખાઇ છે. આ સર્વેક્ષણ દરમિયાન કોઇ દર્દીને ટીબીના લક્ષણો જણાઇ તો તેમને નજીકના સરકારી દવાખાને નિદાન કરી બાદમાં ઘર બેઠા જ સંપૂર્ણ સારવાર આપવામાં આવશે. સરકાર દ્વારા આવા દર્દીઓને રૂ. ૫૦૦ પ્રતિ માસ લેખે સહાય પણ આપે છે.

દાહોદ જિલ્લામાં ૨૦૧૯માં ૩૭,૩૮૧ દર્દીઓના ગડફાની તપાસ કરાઇ હતી. તેમાંથી ૯૧૦૨ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. જે પૈકી ૭૪૩૫ દર્દીઓ સાજા થઇ ગયા હતા. આ જ પ્રકારે ૪૩,૩૭૪ દર્દીઓની એક્સ રે, ગડફાની લેબોરેટરી ચકાસણીના માધ્યમથી તપાસ કરવામાં આવી હતી અને ૭૭૯૨ દર્દીઓને ટીબી માલૂમ પડતા તેમને સારવાર આપવામાં આવી હતી. આ વર્ષ દરમિયાન ૮૦૬૮ દર્દીઓ તંદુરસ્ત થઇ ગયા હતા. વર્ષ ૨૦૨૧માં અત્યાર સુધીમાં ૬૨૯૦ દર્દીઓના એક્સરે-લેબ ચકાસણી કરવામાં આવી છે. તે પૈકી ૧૬૪૬ દર્દીઓને શંકાસ્પદ ટીબી માલૂમ પડતા સારવાર આપવામાં આવી હતી. આ વર્ષે અત્યાર સુધીમાં ૨૧૭૧ દર્દીઓએ રાજરોગને માત આપી છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦માં દાહોદ જિલ્લામાં મોબાઇલ ટીબી વાન ફાળવવામાં આવી છે. જે ગામેગામે જઇને તપાસનું કાર્ય કરે છે. આ ટીબી વાન દ્વારા ૭૮૧૭ એક્સ રે કાઢવામાં આવ્યા છે. તેમાંથી ૬૫૮ દર્દીઓ મળી આવ્યા છે.

બજારમાં રૂ. પાંચેક હજારની એક ગોળી મળે છે એ બેડાક્યુલાઇન ટેબલેટ ટીબીના દર્દીઓને રાજ્ય સરકાર દ્વારા સાવ મફતમાં આપવામાં આવે છે. દાહોદ જિલ્લામાં હાલમાં ૭૦ દર્દીઓ આ દવાનો ડોઝ મેળવી રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા ટીબીના એક દર્દીને સાજો કરવા પાછળ અંદાજે રૂ. ૨૫ લાખનો ખર્ચ કરવામાં આવે છે. આ ઉપરાંત, દર્દી સારૂ પોષણ મળી રહે તે માટે દર માસે રૂ. ૫૦૦ની સહાય અપાઇ છે. જિલ્લામાં ૬૪૬૪ દર્દીઓને આ વર્ષમાં રૂ. ૧,૬૨,૩૧,૫૦૦ની સહાય કરવામાં આવી છે.

### દેવગઢ બારીયા નગરપાલિકા પ્રમુખની ખાલીપડેલ જગ્યાને લઇ

## જિલ્લા કલેક્ટર દ્વારા પ્રમુખની ચૂંટણી તાત્કાલિક અસરથી યોજવાની સભ્યોને નોટીસ પાઠવતા નગરમાં હડકંપ મચ્યો

દે.બારીઆ,

દેવગઢ બારીયા નગરપાલિકા પ્રમુખ ની ખાલી પેડલ જગ્યા તાત્કાલીક અસરથી ભરવામાટે જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી દ્વારા પ્રમુખની ચૂંટણી યોજવાનો હુકમ કરાતા નગરના રાજકારણમાં જાણે હડકંપ મચી જવા પામેલ છે.

દેવગઢ બારીયા નગરપાલિકાના રાજકારણ ને લઇ હાલમાં ગરમાવો ચાલી રહ્યો છે ત્યારે આ રાજકારણમાં નવો એક વળાંક આવ્યો છે જેમા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર દ્વારા દેવગઢ બારીયા નગરપાલિકા ના પ્રમુખ ની ખાલી પડેલ જગ્યા તાત્કાલિક અસરથી ભરવા માટેનો હુકમ કરતા નગરના રાજકારણમાં ગરમાવો ત્યારે પાલિકામાં પ્રમુખની અઢી વર્ષની ટર્મ પૂરી થતાં નવા પ્રમુખની ચુંટણી યોજાઇ હતી જેમાં દક્ષાબેન મિતેશભાઇ નાથાણી ભાજપ કોંગ્રેસના સભ્યોના ટેકાથી પ્રમુખ તરીકેની જાહેરાત કરતાં માજી પ્રમુખ ચાર્મી સોનીયે આ ચૂંટણીમાં બળવો કરતા પ્રમુખની ચૂંટણી યોજાતા જેમાં બંને પક્ષે બાર બાર સભ્યો થતાં ચૂંટણી ટાઇ પડતાં આખરે ચિઠ્ઠી ઉછાળવા માં આવી હતી અને તેમાં દક્ષાબેન નાથાણી ની ચીઠી નીકળતા તેમને પ્રમુખ તરીકે ની ચૂંટણી અધિકારી દ્વારા જાહેરાત કરવામાં આવી હતી ત્યારે આ ચૂંટણી માં દક્ષાબેન નાથાણી ભાજપના મેન્ડેટ થી પ્રમુખ બન્યા હોવાને લઈને કોંગ્રેસ પક્ષના સભ્ય મદીના બેન ભીખા દ્વારા દક્ષાબેન નાથાણી કોંગ્રેસ પક્ષના નિશાન પર ચૂંટાયેલા હોય અને તેઓએ કોંગ્રેસ પક્ષના સભ્યોની દરખાસ્તથી તેમજ ભાજપ પક્ષના સભ્યોના ટેકા થી પ્રમુખ પદની ઉમેદવારી ફોર્મ ભરી ઉમેદવારી કરી પ્રમુખ તરીકે ચૂંટાઇ આવતા તેમને મૂળ રાજકીય પક્ષ કોંગ્રેસ છોડી દીધો હોવાની તેમના વિરોધ માં ગુજરાત રાજ્યના નામોદીષ્ટ અધિકારી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગર ખાતે અરજી કરતા જે અરજી ને અનુલક્ષી તા ૧૫/૦૧/૨૦૨૧ ના રોજ ગુજરાત રાજ્યના નામોદીષ્ટ અધિકારી દિલીપ રાવલ દ્વારા નગરપાલિકા પ્રમુખ દક્ષાબેન નાથાણી નગરપાલિકાના સભ્ય તરીકે ગેરલાયક ઠરાવવા હુકમ કર્યો હતો અને તે પછી દક્ષાબેન લાખાણી દ્વારા હાઇકોર્ટમાં જતા કોર્ટે હુકમ પર સ્ટે આપ્યો હતો તે પછી હાઇકોર્ટ દ્વારા સ્ટે હટાવી લેતા દક્ષા નાથાણી નો સભ્યપદ રદ્દ થતા જેનો કેસ હજુ પણ હાઇકોર્ટમાં ચાલી રહ્યું છે ત્યારે નગર પાલિકામાં પ્રમુખની ખાલી જગ્યા ને લઈ નગરના કામો ન થતા થવાથી કેટલાક સભ્યો તેમજ નગરજનો દ્વારા જિલ્લા કલેકટરને આ બાબતે રજૂઆત કરતા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર દાહોદ દ્વારા ગુજરાત નગરપાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ચાર ની જોગવાઈ હેઠળ હુકમ કરતા તારીખ ૨૪/૦૩/૨૦૨૧ ના સવારના ૧૧:૦૦કલાકે નગરપાલિકા સભાખંડ ખાતે પ્રમુખની ચૂંટણી યોજવા અંગે નો હુકમ કરતા નગર તેમજ જિલ્લાના રાજકારણમાં હડકંપ મચી જવા પામેલ છે ત્યારે આ નગરપાલિકાના પ્રમુખ ને લઈ નગરમાં અનેક અટકળો ચાલી રહી હતી. ત્યારે નગરજનો તેમજ પાલિકા સભ્યો હાઈકોર્ટ માં ચાલી રહેલા કેસના ચુકાદાની રાહ જોવાઈ રહી હતી ત્યારે આ હુકમ થતાં નગરમાં તરહ તરહ ની ચર્ચાઓએ જાણે જોર પકડ્યું હોય તેમ જોવાઈ રહ્યું છે ત્યારે નગરપાલિકા પ્રમુખ નો તાજ હવે કોના શિરે જશે તેવી પણ ચર્ચાઓ થઈ રહી છે ત્યારે આવનાર દિવસોમાં પાલિકાના રાજકારણ ને લઈ કેવો વળાંક આવશે તે જોવાનું રહ્યું.

## નેતાઓ કોરોના ભુલ્યા : દાહોદ પાલિકાના હોદ્દેદારોના પદગ્રહણ સમારોહમાં કોરોનાની માર્ગદર્શિકાનું ભાન ભુલ્યા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ નગર પાલિકાના મુખ્ય હોદ્દદારોની વરણી ૧૭ માર્ચે કરી દેવામાં આવી છે. ત્યાર બાદ હોળાષ્ટક બેસે તે પહેલાં જ પ્રમુખ-ઉપપ્રમુખે ચાર્જ સંભાળી લીધો હતો. આ પ્રસંગે આ તમામ હોદ્દેદારો અને શુભેચ્છકો ભાન ભુલી ગયા હોય તેમ જણાતું હતુ. આનંદના અતિરેકમાં મોટા ભાગના નેતાઓએ કોરોનોની માર્ગદર્શિકાનું છડેચોક ઉલ્લંઘન કર્યું હતું.

જિલ્લામાં કોરોનાના તમામ નિયમોનો શિરચ્છેદ રાજકીય પક્ષો કરી રહ્યાં છે. ત્યારે આ નેતાઓ કેવી રીતે શહેરીજનોને બચાવશે તે વિચાર માંગતી બાબત છે. કારણ કે આ દિવસે જ જિલ્લામાં ત્રણ માસ પછી ૧૯ કેસ નોંધાયા છે અને તેમાંથી ૧૨ તો દાહોદ શહેરના જ છે. દાહોદ જિલ્લામાં કોરોના આંક ફરી વધી રહ્યો છે. ત્યારે તેને કેવી રીતે રોકવો તેના માટે વહીવટી તંત્ર મનોમંથન કરી રહ્યુ છે. તેનું પ્રથમ પગથિયું કોવિડની માર્ગદર્શિકાનુ ચુસ્ત પાલન કરવુ જરૂરી છે. જેમાં માસ્ક ફરજીયાત પહેરવો, સોશિયલ ડિસ્ટન્સીંગ રાખવુ અને સેનેટાઇઝેશન મુખ્ય છે. મેળાવડાઓ યોજવા નહી કે તેમાં જવુ નહી. પરંતુ જિલ્લામાં આ તમામ નિયમોનો શિરચ્છેદ તમામ રાજકીય પક્ષોના નેતાઓએ જ ચૂંટણીઓમાં કરી દીધો હતો.

કમોરતાં બેસે તે પહેલાં જ દાહોદ નગર પાલિકાના હોદ્દેદારોએ ચાર્જ સંભાળી લીધો. નવા ચૂંટાયેલા તમામ હોદ્દેદારોની જ પોત પોતાના વિસ્તારમાં કોરોના ન ફેલાય તેની જવાબદારી છે. અને તેના માટે વિધિવત હવાલા સંભાળ્યા પછી જ તેનો વ્યુહ નક્કી કરવામાં આવશે. જેથી કમોરતાં બેસે તે પહેલાં જ દાહોદ નગર પાલિકાના હોદ્દેદારોએ શુક્રવારે બપોરે ચાર્જ સંભાળી લીધો હતો. આટલી પ્રચંડ જીત મળી હોવાથી શુભેચ્છોકોનો ધસારો વધારે હોવો સ્વાભાવિક છે. ફોટોસેશનની ઉત્સુક્તા પણ હોય પરંતુ તેમાં ચેમ્બરમાં ભીડ વચ્ચે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગ વિના હસ્તા સ્મીત લહેરાવતાં ચહેરા એક પ્રકારનો ડર પણ ફેલાવતા હતા.

## દે.બારીઆ પોલીસ મથકના ઘરફોડી ચોરીના બે આરોપીને પોલીસે ઝડપ્યા

દે.બારીઆ,

દેવગઢ બારીઆ પોલીસ મથક વિસ્તારમાં ઘરફોડ ચોરીના ગુન્હામાં નાસતા ફરતાં બે આરોપીને દાહોદ એલ.સી.બી.પોલીસે મળેલ બાતમીના આધારે તેઓના આશ્રય સ્થાને ઝડપી પાડ્યાનું જાણવા મળે છે. કાન્તીભાઈ હરસીંગભાઈ બારીયા તથા અપા ઉર્ફે અચાબભાઈ વરસીંગભાઈ ઉર્ફે હુરસીંગભાઈ બારીયા (બંન્ને રહેવાસી. ચીલાકોટા, રવાળી ફળિયું, તા.લીમખેડા, જિ.દાહોદ) ના આ બંન્ને જણાએ દેવગઢ બારીઆ વિસ્તારમાં ઘરફોડ ચોરીના ગુન્હાને અંજામ આપ્યો હતો અને તેઓની વિરૂદ્ઘ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ પણ દાખલ થઈ હતી. આ બાદ ઉપરોક્ત બંન્ને જણા પોલીસ પકડથી દુર હતાં અને છેલ્લા કેટલાક સમયથી નાસતા ફરતાં હતાં. આ આરોપીઓને પકડી પાડવા માટે પોલીસે તેઓના આશ્રય સ્થાને વોચ ગોઠવી હતી અને ગતરોજ મળેલ બાતમીના આધારે તેઓના રહેણાંક વિસ્તારમાથી બંન્નેને ઝડપી પાડવામાં આવ્યાં હતાં. દાહોદ એલ.સી.બી. પોલિસ દ્વારા ઉપરોક્ત બંન્ને આરોપીને દેવગઢ બારીઆ પોલીસને સોંપવાની તજવીજ પણ હાથ ધરી છે.

## લીમડી નગરમાં ચુંટણીમાં હારી ગયેલ ઉમેદવારના પરિવાર દ્વારા મારમારતાં ફરિયાદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં સ્થાનીક સ્વરાજયની ચુંટણીમાં હારી ગયેલ ઉમેદવારોના પરિવારજનો દ્વારા એક વ્યકિતને લાકડી વડે, લોખંડની પાઈપ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ઝાલોદ તાલુકાના રણિયાર ગામે સરકારી કોળીવાડ વિસ્તારમાં રહેતા વિજયભાઈ ઉર્ફે પ્રવિણભાઈ કોળી ગત તા.૧૭મી માર્ચના રોજ પોતાના કબજાનું મોટરસાઈકલ લઈ ઈલેક્ટ્રીશયનનો સરસામાન લેવા માટે પી.ડબલ્યુ ડી. ઓફિસ પાસે આવ્યાં હતા. આ દરમ્યાન રણિયાર ગામે રહેતાં નાનજીભાઈ ભાભોર, પ્રદિપભાઈ વાઘેલા, પ્રદિપભાઈ નાનજીભાઈ ભાભોર, ગૌરાંગ શૈલેષભાઈ ભાભોર, નિકુંજભાઈ ભાભોર બીજો એક ઈસમ મળી ૬ જણા પોતાની સાથે લોખંડની પાઈપ, લાકડીઓ વિગેરે લઈ વિજયભાઈ પાસે આવ્યાં હતા અને નાનજીભાઈની બહુ તાલુકા પંચાયત પદ પરથી ઉમેદવારી નોંધાવી હતી. જે વિજયભાઈના કારણે હારી ગયા હોવાના આક્ષેપો સાથે વિજયભાઈને લોખંડની પાઈપ વડે અને લાકડીઓ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત વિજયભાઈ ઉર્ફે પ્રવિણભાઈ કોળી દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં એક મહિલા સહિત બેના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર માર્ગ અકસ્માતના સર્જાયેલા બે બનાવોમાં એક મહિલા સહિત બે જણાને શરીર, હાથે પગે ગંભીર ઈજાઓ પહોંચતાં મોત નીપજ્યાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના મોટી સારસી ગામે બનવા પામ્યો હતો. જેમાં એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકાર લાવી ત્યાંથી ચાલતા પસાર થઈ રહેલ દાહોદ જિલ્લામાં રહેતા ભીખાભાઈ મગનભાઈ મેડાને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં ભીખાભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે અજાણ્યા વાહનના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના મહુડી ગામે રોડ પર બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૭મી માર્ચના રોજ ઝાલોદ તાલુકાના ઠુંઠી કંકાસીયા ગામે રહેતા કલ્પેશભાઈ થાનુભાઈ ગરાસીયાએ પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ ઝાલોદ તાલુકાના હડમતખુંટા ગામે રોડ ફળિયામાં રહેતા પાર્વતીબેનને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં પાર્વતીબેન જમીન પર ફંગોળાયાં હતા અને જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓને નજીકના હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાતાં સારવાર મળે તે પહેલાં જ રસ્તામાં જ પાર્વતીબેનનું મોત નીપજ્યું હતું. આ સંબંધે હડમતખુંટા ગામે રોડ ફળિયામાં રહેતા ભરતભાઈ ગોબરાભાઈ ડામોરે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના નિર્દેશક અને કાર્યાલય અધ્યક્ષ દાહોદ જિલ્લાની મુલાકાતે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લાની મુલાકાતે રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના નિર્દેશક ડો. લલિત લટ્ટા અને કાર્યાલય અધ્યક્ષ સતીષકુમાર શર્મા આવ્યા છે. આજે તેમણે દાહોદના ખરેડી ગામની એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કુલના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી તેમની સમસ્યાઓ વિશે માહિતી મેળવી હતી. ઉપરાંત ખરેડી ગામની પ્રાથમિક શાળા ખાતે ગ્રામજનો સાથે બેઠક યોજી આયોગની કામગીરી વિશે જણાવી, ગ્રામજનોના પ્રશ્નો જાણ્યા હતા. એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કુલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આયોગના નિર્દેશક ડો. લલિત લટ્ટાએ વિદ્યાર્થીઓને આયોગની કામગીરી વિશે માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓના શિસ્ત અને સંસ્કારની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં બાળપણથી જ શિસ્ત અને સંસ્કારના સિંચનથી તેમનામાં સાચા ગુણોનો વિકાસ થાય છે અને જીવનમાં ઇચ્છિત લક્ષની પ્રાપ્તિ થાય છે.

તેમનો વિદ્યાર્થીઓ સાથેનો સંવાદ સંતોષકારક રહ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને વિવિધ પ્રશ્નો પૂછી તેના ઉત્તરો મેળવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને શાળામાં નિયમોનુસાર વાલી-શિક્ષક મિટિંગ થાય છે કે નહી, રમતગમતની પ્રવૃત્તિઓ વિશે, પુસ્તકાલય માટે સમય અપાઇ છે કે કેમ, સવારના નાસ્તાથી લઇને જમવા બાબતે, દૂધ અને ફળ અપાઇ છે કે કેમ, ઇનડોર તેમજ આઉટડોર ગેમ વિશે, વર્ષમાં કેટલી વખત ગણવેશ અપાઇ છે કે કેમ, સ્કોલરશીપ બાબતે, કમ્પ્યુટર શીખવે છે કે કેમ, ઇન્ટરનેટની સુવિધા વિશે વિવિધ પ્રશ્નો પૂછી માહિતી મેળવી હતી. આ ઉપરાંત પણ વિદ્યાર્થીઓને અન્ય કોઇ પણ સમસ્યા હોય કે કોઇના માટે ફરીયાદ હોય તો પણ જણાવવા માટે કહ્યું હતું.

આયોગના કાર્યાલય અધ્યક્ષ સતીષકુમાર શર્માએ વિદ્યાર્થીઓને આયોગની કામગીરી વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આયોગનું મુખ્ય કાર્યાલય દિલ્હી અને ક્ષેત્રીય કાર્યાલય જયપુર ખાતે છે. તમને આપવામાં આવેલા પેમ્ફલેટમાં આયોગ વિશે વિગતવાર માહિતી છે. તેમાં આપવામાં આવેલા આયોગની મુખ્ય ઓફિસ, ક્ષેત્રીય ઓફિસ તેમજ સદસ્યોના ફોન નંબર આપવામાં આવ્યા છે. તમને કોઇ પણ પરેશાની હોય તો આ નંબર પર સંપર્ક કરી શકાશે.

ત્યાર બાદ ખરેડી ગામની પ્રાથમિક શાળા ખાતે ગ્રામજનો સાથે આયોગના સભ્યોએ ગ્રામસભા યોજી આદિવાસીઓના હકોના રક્ષણ બાબતે આયોગની ભૂમિકા વિશે સમજ આપી હતી અને આયોગની કામગીરી વિશે માહિતી આપી હતી. ઉપરાંત ગ્રામજનોની સમસ્યાઓ વિશે માહિતી મેળવી હતી. તેમના વિવિધ પ્રશ્નો વિશે જાણકારી મેળવી હતી. આદિવાસીઓ પ્રત્યેના અત્યાચાર, શોષણ કે તેમના બંધારણીય હકોનું ઉલ્લંઘન થતુ હોય તેવી બાબતો વિશે આયોગે માહિતી મેળવી હતી. આદિવાસીઓની કોઇ પણ સમસ્યા માટે આયોગનો સંપર્ક કરવા જણાવ્યું હતું. કાર્યક્રમમાં પ્રાયોજના વહીવટદાર બી.ડી. નિનામા, આસ્ટીસ્ટન્ટ કમિશ્નર (ટીએએસપી) વિશ્વજીતસિંહ ગોહિલ, તકેદારી અધિકારી નિતિશકુમાર, તેમજ શાળા ખાતે આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રામસભા ખાતે સરપંચ રાજુભાઇ, ઉપસરપંચ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## દે.બારીઆના સાગટાળા પોલીસે પ્રોહિબીશનના આરોપીને ઝડપ્યો

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનના ગુન્હામાં નાસતો ફરતા આરોપીને છોટાઉદેપુર જિલ્લાના જાંબલા ગામેથી ઝડપી પાડી જેલ ભેગો કર્યાનું જાણવા મળે છે. વાઘજીભાઈ વેસ્તાભાઈ રાઠવા (રહે. વનાર, જાંબલા, પટેલ ફળિયું, તા.જિ. છોટાઉદેપુર)ના વિરૂધ્ધ સાગટાળા પોલીસ મથકે ત્રણ પ્રોહીબીશનના ગુના નોંધાયાં હતા. તે છેલ્લા કેટલાક વર્ષોથી નાસતો ફરતો હતો. ગતરોજ દાહોદ એલ.સી.બી.પોલીસને મળેલ બાતમીના આધારે તેના જ ગામમાં પોલીસે વોચ ગોઠવી ઉભી હતી તે સમયે જાંબલા ગામેથી તેને ઝડપી પાડવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 176

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લામાં કોરોનાનો રાફડો

# ૨૦ થી વધુ શિક્ષકો કોરોના પોઝીટીવ : જીલ્લામાં વધુ ૧૮ કેસ નોંધાયા

- સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં રખાયેલ બેદરકારીનો ભોગ હવે શિક્ષકો બન્યા.
- જીલ્લાના વિવિધ તાલુકાની પ્રા.શાળાના ૨૦ થી વધુ શિક્ષકો કોરોના પોઝીટીવ.
- પ્રા.શાળાના શિક્ષકો કોરોના પોઝીટીવ નોંધાતા વાલીઓમાં ચિંતા.
- માંડ વર્ષ પૂર્ણ થવાના અંતે શરૂ થયેલ શાળાઓમાં શિક્ષકો સંક્રમિત થતાં પૂનઃ શિક્ષણ ખોરવાયું.

ગોધરા શહેર-૧૦
કાલોલ-૦૫
ગોધરા ગ્રામ્ય-૦૩.
રજા અપાઈ-૦૬
સક્રિય કેસ-૭૧
કુલ પોઝીટીવ કેસ-૪૨૦૨

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં પ્રતિદિન કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આજરોજ જીલ્લામાં ૧૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તદ્ ઉપરાંત સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ગ્રાઉન્ડ લેવલ પર કામ કરનાર ૨૦ થી વધુ શિક્ષકો કોરોના પોઝીટીવ થવા પામ્યા છે. જેને લઈ આરોગ્યતંત્ર સાથે જીલ્લા વહીવટી તંત્ર સર્તક બન્યું છે.

પંચમહાલ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી પહેલા કોરોના સંક્રમણના કેસ નહિવત બન્યા છે. માંડ એક અથવા બે કોરોના સંક્રમણના કેસ નોંધાઈ રહ્યા હતા પરંતુ જેવી સ્થાનિક સ્વરાજની ચુંટણી પુરી થઈ તેની સાથે જાણે કોરોના પુનઃ માથું ઉંચકયું હોય તેમ લાગી રહ્યું છે. સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ પુરી થતાં રાજયના મહાનગરોની હાલત કોરોના સામે ખૂબ ચિંતાની સ્થિતી ઊભી થઈ છે. જેને દયાનમાં રાખીને મહાનગરોમાં રાત્રી કર્ફ્યુ લાગુ કરવામાં આવ્યું છે. સાથે વધતા જતાં કોરોના કેસને લઈ કન્ટેનમેન્ટ અને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધી રહી છે. સ્થાનિક સ્વરાજની ચુંટણી પુરી થવા બાદ માત્ર કોરોનો સંક્રમણ મહાનગરોમાં જ નહિ પરંતુ નગર પાલિકા વિસ્તારો પણ જોવા મળી રહ્યું છે.

પંચમહાલ જીલ્લાની વાત કરીએ તો સ્થાનિક સ્વરાજની ચુંટણી પહેલા કોરોના સંક્રમિત કેસ જે માંડ ૧ અથવા ૨ નોંધાઈ રહ્યા હતા. જેના સ્થાને હાલ સ્થાનિક સ્વરાજની ચુંટણીના પ્રચાર -પ્રસારમાં સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કનો ઉપયોગ ટાળવામાં આવ્યો હતો. જેના પરિણામ સ્વરૂપ કોરોના સંક્રમણના કેસ વધતા જોવા મળ્યા છે. સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં ચુંટણી કામગીરીમાં બુથ ઉપર મુકવામાં આવેલ હોય તેવા શિક્ષકોમા કોરોના સંક્રમણ વધી રહ્યા છે. ચુંટણી ટાણે રાખવામાં આવેલ બેદરકારીનો ભોગ હવે શિક્ષકો બની રહ્યા છે. પંચમહાલ જીલ્લાના વિવિધ તાલુકાની પ્રા.શાળાના ૨૦ જેટલા શિક્ષકો કોરોના પોઝીટીવ નોંધાયા. આજરોજ પંચમહાલ જીલ્લામાં ૧૮ કોરોના કેસ નવા નોંધાવા પામ્યા છે. તે પૈકી ગોધરા શહેરના ૧૦ કોરોના સંક્રમિત કેસ વધ્યા છે. તે જોતા કોરોના સંક્રમણ પુનઃ ભરડો લઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમિત કેસને લઈ જીલ્લા આરોગ્ય તંત્ર તેમજ વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. જીલ્લાવાસીઓ કોરોના સંક્રમણ થી બચવા માસ્કનો તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જાળવીને કોરોના સંક્રમણ થી બચી શકાય છે.



### પંચમહાલ જીલ્લા ત્રણ દિવસમાં ૬૧ કોરોના સંક્રમિત કેસ નોંધાયા

પંચમહાલ જીલ્લામાં વિતેલા ત્રણ દિવસ દરમ્યાન ૬૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. જીલ્લામાં આવેલી શાળામાં કોરોનાએ એન્ટ્રી કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓ માં પણ ભારે ફફડાટ ફેલાયો છે. પંચમહાલ જિલ્લામાં એકાએક કોરોના પોઝિટિવ કેસોમાં ઉછાળો જોવા મળ્યો છે. જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસમાં ૬૧ જેટલા કોરોના કેસ નોંધાવા પામ્યા છે. બીજી તરફ પંચમહાલ જિલ્લામાં આવેલી પ્રાથમિક શાળાઓમાં હાલ કોરોના વકર્યો છે. પંચમહાલ જિલ્લામાં આવેલી શાળામાં ફરજ બજાવતા ૨૦ થી વધુ પ્રાથમિક શિક્ષકો અત્યાર સુધીમાં કોરોના સંક્રમિત થયા છે. જેમાં મોરવા હડફ તાલુકામાં આવેલી મોજરી, અગરવાડા તેમજ શહેરા, હાલોલ, કાલોલ અને ઘોઘંબા તાલુકામાં આવેલી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો કોરોના સંક્રમિત થયા છે. બીજી તરફ પંચમહાલ જિલ્લા આરોગ્ય વિભાગ પણ સતર્કતા દાખવી રહ્યું છે. જેમાં આ તમામ શાળાઓ સેનેટાઈઝ કરવામાં આવી રહી છે. સાથે જ આ તમામ શિક્ષકોના કોન્ટેક ટ્રેસિંગની કામગીરી કરવામાં આવી રહી છે.

### ઘોઘંબા તાલુકાની ૯ પ્રાથમિક શાળાઓના ૧૧ શિક્ષકોના કોરોના પોઝીટીવ

ઘોઘંબા વાંગરવા પ્રા.શાળાના-૩, બીચાડુંગરી પ્રા.શાળા-૧, જોરાપુરા મુખ્ય પ્રા.શાળા-૧, ખિલોડી પ્રા.શાળા-૧, રાણીપુરા પ્રા.શાળા-૧, માળ ફ.જોરાપુરા પ્રા.શાળા-૧, સિમોડા ફ.સાજોરા પ્રા.શાળા-૧, ખરખડીની મુવાડી પ્રા.શાળા-૧ અને સીઆરસી રીંછવાણી પ્રા.શાળા-૧.

### પંચમહાલ જીલ્લાના વિવિધ તાલુકાની પ્રાથમિક શાળાઓના ૨૦ શિક્ષકો કોરોના સંક્રમિત

પંચમહાલ જીલ્લાની પ્રાથમિક શાળાઓના શિક્ષકો કોરોના સંક્રમિત થયા છે. આવા શિક્ષકો હાલ હોમ કોરોન્ટાઈન કરાયા છે. પંચમહાલ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી પુરી થતાં સાથે કોરોના કેસમાં વધારો થયો છે. તેમાં પણ માંડ આખું વર્ષ પુરુ થવાના અને માંડ ધો.૬ થી ૧૨ના વિદ્યાર્થીઓને કોરોના ગાઈડ લાઈન સાથે ઓફ લાઈન શિક્ષણ માટે શાળામાં વાલીઓની સંમતિ સાથે અભ્યાસ અર્થે આવતા થયા હતા. ત્યાં જ પંચમહાલ જીલ્લાના સરકારી પ્રા.શાળાઓના શિક્ષકો કોરોના સંક્રમિત થયાના કેસ સામે આવી રહ્યા છે. કાલોલ તાલુકાના પીંગળી, મોટી શામળદેવી, ડેરોલ સ્ટેશન, કાલોલ કન્યા શાળા, મોરવા(હ), આગરવાડ, મોજરી, શહેરા, ઘોઘંબા તેમજ હાલોલ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો કોરોના સંક્રમિત થયા છે. જીલ્લામાં અત્યાર ૨૦ થી વધુ શિક્ષકો કોરોના સંક્રમિત થયા છે. જેને લઈ શિક્ષણ વિભાગ સાથે વાલીઓ ચિંતીત બન્યા છે.

### કાલોલ તાલુકાની પ્રાથમિક શાળાના ૧૨ શિક્ષકો કોરોના સંક્રમિત

કાલોલ શહેર અને તાલુકા વિસ્તારમાં કોરોનાએ વાપસી કરતાં ચાલુ અઠવાડિયે તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાના પાંચ શિક્ષક અને શિક્ષકાઓનો રિપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યો હોવાના અહેવાલોને પગલે શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગમાં હડકંપ મચી જવા પામ્યો હતો. જે અંગે શિક્ષણ વિભાગે વધુ તપાસ કરતા શુક્રવારે વધુ સાત શિક્ષકો કોરોના પ્રભાવિત હોવાના અહેવાલને પગલે કુલ ૧૨ શિક્ષકો કોરોના પ્રભાવિત બનતા શિક્ષણ વિભાગમાં ભારે ફફડાટ ફેલાયો છે. જે અંગે શિક્ષણ વિભાગના અહેવાલ મુજબ કાલોલ શહેરની કન્યાશાળા એક શિક્ષક અને બે શિક્ષિકા, મોટી શામળદેવીમાં ત્રણ શિક્ષિકાઓ, પીંગળી એક, ડેરોલસ્ટેશન બે, ભીખાપુરા (એરાલ) એક અને નેસડામાં એક મળી આઠ શિક્ષિકાઓ અને ચાર શિક્ષકો કોરોના પ્રભાવિત બન્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, કાલોલ વિસ્તારમાં એક અઠવાડિયામાં છ પ્રાથમિક શાળાઓમાં ૧૨ જેટલા શિક્ષકો કોરોના પ્રભાવિત બનતા આ શાળામાં અભ્યાસ કરતા બાળકોના શિક્ષણ અને આરોગ્ય સામે સવાલો ઉભા થયા છે જેથી આ બાળકોના વાલીઓ પણ ભયભીત બન્યા હતા. જોકે તકેદારીના ભાગરુપે કોરોના પ્રભાવિત તમામ શિક્ષકોને તેમના કોરોના લેવલ મુજબ હોસ્પિટલ અને હોમ કવેરોન્ટાઈન કરેલા છે તઉપરાં તમામ શિક્ષકોને તેમનો કોરોના રિપોર્ટ નેગેટીવ ના અને સુધી શાળામાં નહીં આવવાની જાણકારી આપી દેવામાં

## કાલોલ તાલુકાના અંતરીયાળ ગામોમાં ખનિજ માફિયાઓ દ્વારા બેફામ રીતે થતું માટીનું ખનન

કાલોલ,

કાલોલ તાલુકાના અંતરીયાળ વિસ્તારના ગામોમાં ભૂમાફિયાઓ દ્વાર બેરોકટોક રીતે માટીનું ખનન થબઈ રહ્યું છે. પંચાયત વિસ્તારની ગૌચર, પડતર તેમજ માલિકીની જમીન માંથી જે રીતે ભૂમાફિયાઓ માટીનું ખનન કરી રહ્યા છે. તેની સામે કોઈ કાર્યવાહી કે તપાસ કરાય તે જરૂરી બન્યું છે.

કાલોલ તાલુકામાં અત્યાર સુધી રેતી ખનન માફિયાઓ ગેરકાયદેસર રીતે નદીના પટમાંથી રેતીનું ખનન કરી રહ્યા હતા. હવે આવા ખનિજ ખનન માફિયાઓ વધુ નાણા કમાવા માટે માટી ખનન કરવાનો ધિકતો ધંધા તરફ વળ્યા છે. કાલોલ તાલુકાના ખંડોળી, જેતપુર, મધવાસ, સમા, બોરૂ જેવી અનેક ગ્રામ પંચાયત વિસ્તારમાં આવતી ગૌચર, સરકારી પડતર તેમજ માલિકીની જમીનમાંથી બેફામ રીતે માટીનું ખનન કરવામાં આવી રહ્યું છે. ગેરકાયદેસર ચાલતા માટી ખનનના કાળા ધંધાને લઈ જમીનો ઉપર મોટા ગાબડા લાખો રૂપીયાની માટીનું ખનન કરાઈ રહ્યું છે. તેમ છતાં ન તો તેના માટે ખાણ-ખનિજ વિભાગ કે વહીવટી તંત્ર કાર્યવાહી કરવા માટે આળશ ખંખેરી નથી. તેમ લાગી રહ્યું છે. કાલોલ તાલુકાના અંતરીયાળ ગામોમાં જે રીતે માટી ખનન થઈ રહ્યું છે. તેની સાથે વહીવટી તંત્ર કાર્યવાહી કરવા માટે ખનન માફિયાઓ સામે લાચાર લાગી રહ્યું છે. કાલોલ પંથકમાં જે રીતે માટી ખનન થઈ રહ્યું છે તે કાયદેસર લીઝ આપવામાં આવી કે, ખાણ-ખનિજ વિભાગ અને વહીવટી તંત્ર કાર્યવાહી કરે છે તે જોવાનું રહ્યું ?



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

### ખનન માફિયાઓ સામે કાર્યવાહી ન થતાં બેફામ ખનિજ માફિયાઓ

## ખખડધજ ગ્રામ પંચાયત : શહેરાની ધમાઈ ગ્રામ પંચાયતમાં કામ અર્થે આવતાં લોકોમાં ઈજાગ્રસ્ત થવાનો ભય

શહેરા,

શહેરાના ધમાઈ ગામની ગ્રામ પંચાયત કચેરી ચાર વર્ષ થી જર્જરીત હાલતમાં છે. અવાર નવાર છતમાથી પોપડા પણ ખરી પડે છે. જેને લઈને કચેરી ખાતે કામઅર્થે આવતા લોકો ને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ગ્રામ પંચાયત ઘર નવીન બનાવામાં આવે તે માટે સરપંચ સહિતનાઓએ તાલુકા પંચાયત કચેરી તેમજ સબંધિત તંત્ર ને અનેક રજૂઆત કરાઈ છે.

શહેરા તાલુકાના ધમાઈ ગામની ગ્રામ પંચાયત કચેરી વર્ષો જૂની હોવાથી ચાર વર્ષ થી જર્જરીત હાલતમાં છે. પંચાયત ઘર નવીન બને તે માટે તલાટી અને ગામ ના અગ્રણીઓ એ તાલુકા પંચાયત કચેરી એ લેખિત અને મૌખિક રજૂઆત પણ કરવામાં આવી છે. જ્યારે ગામ ના અગ્રણીઓ એ ધારાસભ્યને પણ ગ્રામ પંચાયત કચેરી નવીન બને તે માટે રજૂઆત કરી હતી. ગ્રામ પંચાયત મકાનના છત ના ભાગ પર પ્લાસ્ટર નીકળી જતા કાટ ખાઈ ગયેલા સળીયા દેખાઈ રહયા છે. તેના કારણે સ્લેબ વધુ જોખમી બની રહયો છે, છત પરથી અવાર નવાર પોપડા પણ પડી રહયા છે. ગ્રામ પંચાયત કચેરી ખાતે તલાટી સહિતનો સ્ટાફ હાલ ભયના ઓથાર તળે તેમની ફરજ નિભાવી રહયા છે. પંચાયત ઘર જર્જરીત હાલતમાં હોવા સાથે છતનો સ્લેબ પણ જોખમી બનતો જઈ રહયો હોવા છતાં તાલુકા પંચાયત સહિતની સબંધિત કચેરી એ અનેક રજૂઆત કરવા છતા તેમનું પેટનું પાણી કેમ હલતું નથી. તલાટી બીજું મકાન ના હોવાથી ના છૂટકે પંચાયત ઘર ખાતે બેસીને ગામના અરજદારોનું કામગીરી કરી રહયા છે. પંચાયત ઘર ખાતે કોઈ મોટી ઘટના બને પછી તંત્ર આ અંગે પોતાની જવાબદારી સ્વીકારશે ? કે પછી ઘોડા છૂટી ગયા પછી તબેલા ને તાળા મારવા જેવી પરંપરાનું પુનરાવર્તન થશે ? આ જર્જરીત ગ્રામ પંચાયત કચેરીના મકાનને તોડી પાડીને નવું મકાન બનાવવા માટે તાલુકા પંચાયત સહિતની કચેરી દ્વારા વહેલામાં વહેલી તકે કોઈ યોગ્ય અને ઠોસ કદમ ઉઠાવવામા આવે તે અત્યંત આવશ્યક છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

### જર્જરીત હાલતમાં ગ્રામ પંચાયત

કચેરી ના છત પરથી પાણી પણ ટપકતુ હોય છે તેના કારણે જરૂરી દસ્તાવેજો પલળી જવાની ભીતિ રહે છે. જ્યારે ગ્રામ પંચાયત ખાતે કામઅર્થે આવતા લોકો ને પણ આના કારણે હાલાકી ભોગવવી પડતી હોય છે. ત્યારે અહી કોઈ અણ બનાવ બને તે પહેલા તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી હાથધરે તેવી ગ્રામજનો માંથી માંગ ઉઠી છે.

ગ્રામ પંચાયત કચેરી જર્જરીત હોવાથી તાલુકા પંચાયત કચેરી ખાતે અમે રજૂઆત કરી છે. કાટ ખાઈ ગયેલા સળિયા પણ છતની બાર દેખાઈ રહયા છે. બીજી જગ્યા બેસવા માટેના હોવાથીના છૂટકે અહીં બેસી ને કામ કરૂ છું અમુક વખતે કામ કરી રહ્યા હોય ત્યારે છત પરથી પોપડા પણ પડતા હોય છે.

**બી.કે. સેલોત, તલાટી ગ્રામ પંચાયત ધમાઈ....**

## ગોધરા લો કોલેજના NSS વિભાગે ધૈર્યરાજસિંહ માટે ૧૬,૩૩૬ નો ફાળો એકત્રિત કર્યો

ગોધરા,

પંચમહાલ જિલ્લા શિક્ષણ પ્રચારક મંડળ,ગોધરા દ્વારા સંચાલિત લો કોલેજ,ગોધરાના એન.એસ.એસ. વિભાગ હેઠળ માનવતા, કરૂણા અને સામાજિક જવાબદારીના ભાગરૂપે મહીસાગર જિલ્લાના કાનેસર ગામનો પણ હાલ ગોધરા શહેર ના ત્રણ માસના કુમળા બાળક ધૈર્યરાજસિંહ કે જેઓ દુનિયાભરમાં જવલ્લેજ જોવા મળતી એસ.એમ.એ-૧ નામની અતિ ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા છે. તેની સારવાર માટે અંદાજિત ૧૬ કરોડ રૂપિયાની જરૂરિયાત હોય આવા ફુલ સમાન નાના બાળક અને તેનાં સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતા પરિવાર ઉપર આવી પડેલી આફતમાં આ બાળકની સારવાર અર્થે પરિવારને આર્થીક સહયોગ પૂરો પાડી ફુલ નહિ તો ફુલની પાંખડી રૂપે દાન ભેગું કરવા માટે કોલેજ દ્વારા સળંગ બે દિવસનું અભિયાન ચલાવવામાં આવ્યું. જે અભિયાન અંતર્ગત કોલેજનાં આચાર્ય ડો. અપૂર્વ પાઠકનાં માર્ગદર્શન હેઠળ કોલેજ એન.એસ.એસ યુનિટનાં પ્રોગ્રામ ઓફિસર ડો.સતીશ નાકર, અધ્યાપક ડો. કૃપા જયસ્વાલના વડપણ હેઠળ સેવાભાવી વિદ્યાર્થીઓ દ્વારા સ્વ સહાય તેમજ ગોધરા નગરના જુદા-જુદા વિસ્તારોમાં જઈને જાહેર જનતા પાસેથી ધૈર્યરાજસિંહ માટે ઉદાર હાથે ફંડ આપવા માટે અપીલ કરી હતી. વિવિધ પ્રકારના બેનર્સ દ્વારા તથા જાહેર સ્થળો એ વ્યક્તિગત સંપર્ક કરી આ નાના બાળકના જીવને બચાવવા માટે સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આવા માનવતા સભર સેવાકીય કાર્યમાં ગોધરાના રહેવાસીઓએ સુંદર પ્રતિસાદ આપી સૌને આવકારી દિલથી યથાયોગ્ય સહાયદાન આપી માનવતા મહેકાવી હતી. રૂ.૧૬૬૩૬ નો ફાળો એકત્રિત કરી ધૈર્યરાજ ને મદદ કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા અધ્યાપક ડો. અમિત મહેતા, કોલેજના બિન-શૈક્ષણિક સ્ટાફે પણ પૂર્ણ સહયોગ આપ્યો હતો.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા



ગોધરા શહેરની નાલંદા સ્કૂલ ના વિદ્યાર્થી એ JEE ની પરીક્ષામાં રાજયમાં પ્રથમ આવતા ગોધરા શહેર,નાલંદા સ્કૂલ તેમજ પંચમહાલ જિલ્લા નું નામ રોશન કરી ગૌરવ વધાર્યું હતું. JEE 2021 ના ફેબ્રુઆરી માસમાં ગઝઅ દ્વારા યોજાયેલી પરીક્ષા ગોધરા શહેરની નાલંદા સ્કૂલ ના ધો.૧૨ ના વિદ્યાર્થી વહોરા તાહા હાતીમઅલી એ નેશનલ લેવલે ઝળકી પેપર-૨(બેચલર ઓફ આર્કિટેક્ચર)માં ૯૯.૯૧ % પર્સનટાઈલ રેન્ક મેળવી સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમજ પેપર-૧ JEE મેઈન (બી ટેક)માં ૯૮.૩૧% પર્સનટાઈલ રેન્ક મેળવી જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળા, ગોધરા શહેર તેમજ પંચમહાલ જિલ્લાનું નામ રોશન કરી ગૌરવવન્ત કર્યું છે.

## ગોધરામાં રહેતા વ્યકિતને ભૂમાફિયાઓ દ્વારા ફોન ઉપર ધાકધમકી આપતાં પોલીસમાં લેખિત રજુઆત

ગોધરા,

ગોધરા પથ્થર તલાવડી વિસ્તારના રહિશ તેમજ ગુજરાત પ્રદેશ અખીલ ભારતીય હિંદુ યુવા મોરચાના પ્રમુખને ભૂમાફિયાઓ દ્વારા ફોન ઉપર ધમકી આપવામાં આવતાં ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે લેખિતમાં રજુઆત કરી.

ગોધરા પથ્થર તલાવડી ખાતે રહેતા આશીષકુમાર નાનજીભાઈ પટેલ જે ગુજરાત પ્રદેશ અખિલ ભારતીય હિંદુ યુવા મોરચાના પ્રમુખ છે. જેમને મોબાઈલ ફોન ઉપર ભૂમાફિયાઓ દ્વારા ધમકી આપવામાં આવી છે. આશીષ પટેલને ફોન ઉપર તમે લવ જેહાદને લગતી તેમજ લેન્ડ ગ્રેબિંગને લગતી કામગીરી કરી રહ્યા છો. તેની અમને જાણ છે. ગોધરાની જગ્યાઓમાં માથું માર્યું છે. તે માથું મારવાનું છોડી દો નહિ તો ગાડી લઈને ઘરે થી નિકળો છે. તો ગાડીને એકસીડન્ટ કરીને જાનથી ઉડાવી દઈશું. તેમ જણાવ્યું હતું. સાથે મોબાઈલ ઉપર ફોન કરનાર વ્યકિત દ્વારા બિભત્સ ગાળો આપીને જાન થી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોય આ બાબતે આશીષ પટેલ દ્વારા ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે લેખિત રજુઆત કરી છે. સાથે આ બાબતે જીલ્લા કલેકટર અને જીલ્લા પોલીસવડાને પણ લેખિતમાં રજુઆત મોકલી આપી કાર્યવાહીની માંગ કરી છે.

## ગોધરા શહેર અને તાલુકાની બે સસ્તા અનાજની દુકાનોમાં ઓફલાઈન વેચાણ કરતાં ૯૦ દિવસ માટે પરવાનો રદ કરાયો

ગોધરા,

ગોધરા તાલુકાના અને શહેરની સસ્તા અનાજની દુકાનના સંચાલક દ્વારા નિયમ વિરૂદ્ધ ઓફ લાઈન આવશ્યક ચીજ વસ્તુઓનું વેચાણ કરતા હોય તેની સામે જીલ્લા પુરવઠા વિભાગે કાર્યવાહી કરી બે દુકાનોના પરવાનો ૩ માસ માટે મોકુફ કરવામાં આવ્યો.

ગોધરા શહેરની ૧ સસ્તા અનાજની દુકાનના સંચાલક તેમજ તાલુકામાં ઓરવાડા ગામના સસ્તા અનાજની દુકાનમાં સંચાલક દ્વારા નિયમો વિરૂદ્ધ આવશ્યક ચીજવસ્તુઓનું ઓફ લાઈન વેચાણ કરતા હોય જે જીલ્લા પુરવઠા વિભાગની તપાસમાં ઝડપાઈ જતાં જીલ્લા પુરવઠા વિભાગ દ્વારા બન્ને સસ્તા અનાજની દુકાનોના પરવાનો ૯૦ દિવસ સુધી મોકુફ કરવામાં આવી છે. સસ્તા અનાજની દુકાનના સંચાલકો દ્વારા કરવામાં આવતી ગેરરીતિ પકડાઈ જતાં અન્ય આવા સંચાલકોમાં ફફડાટ વ્યાપ્યો છે.

## ઈગલ ગ્રુપ ગોધરા દ્વારા નવનિયુક્ત પાલિકા સભ્યોના હસ્તે પ્રમાણપત્રો વિતરણ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

ઈગલ ગ્રુપના ગુજરાત પ્રમુખ મેહુલ ચાપાનેરીયા અને ઉપપ્રમુખ સુરેશભાઈ, મહામંત્રી વિજયભાઈ અને ભોઈ સમાજ ક્રાંતિદલના જિલ્લા આઈ.ટી. સેલ પ્રમુખ મેહુલભાઈ આર. ચાપાનેરીયા એ તેમના જન્મદિવસ નિમિતે BCC સર્ટિફિકેટ વિતરણ અને આયુષમાન કાર્ડ કરવામાં આવ્યું અને સરકારી યોજના વિશે પણ સમજાવવામાં આવ્યું.

જેમાં મુખ્ય અતિથિ તરીકે કોમર્સ કોલેજના પ્રોફેસર અરૂણસિંહ સોલંકી તેમજ ગોધરા નગરપાલિકા વોર્ડ નં.૩ ના કોર્પોરેટર દિપેશસિંહ ઠાકોર, જયપ્રકાશભાઈ હરવાણી તેમજ ઉષ્માબેન પટેલ, ભોઈ સમાજ ક્રાંતિદલના કેતનભાઈ પી. ભોઈ, પંચમહાલ જિલ્લા વરદાન ભતભ સેન્ટર ટીમ જેઓ એ હાજરી આપી હતી. સરકારની તમામ યોજનાઓ કે જેની જાણકારી સામાન્ય રીતે મોટા ભાગના લોકોને નથી અને તેના કારણે તેઓ લાભથી વંચિત રહી જાય છે. ત્યારે ઈગલ ગ્રુપ દ્વારા આવી માહિતી વિનામૂલ્યે પુરી પડાશે સાથે સાથે મહિનામાં એક દિવસ બધી જ કામગીરી વિનામૂલ્યે કરી અપાશે.

આ પ્રસંગે યુવા કાઉન્સિલર દીપેશસિંહ ઠાકોર તથા જયપ્રકાશ હરવાણી એ જોરદાર વકતવ્ય આપી ઉપસ્થિત યુવા બહેનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.